dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-225 | AD-2025, Vaishakh Vad-08 | Tuesday, Dt.20-05-2025 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

### કર્નલ સોફિયા કુરેશી પર બફાટ કરનારા મધ્યપ્રદેશના મંત્રીને સુપ્રીમ કોર્ટે ઝાટક્યા

## ‘અમને તમારી માફી સ્વીકાર્ય નથી’, મંત્રી સામે તપાસ કરવા SITની રચના કરો : સુપ્રીમ

(એચ.એસ.એલ),ભોપાલ,તા.૧૯

મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહે કર્નલ સોફિયા પર આપેલા વિવાદાસ્પદ નિવેદન પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. કોર્ટે શાહની માફી નકારી કાઢી અને એસઆઈટી તપાસનો આદેશ આપ્યો, જેમાં ત્રણ વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ (એક મહિલા આઈપીએસ સહિત)નો સમાવેશ થશે. કોર્ટે કહ્યું કે શાહે એક બેજવાબદાર નિવેદન આપ્યું છે જેનાથી સમગ્ર રાષ્ટ્રને દુઃખ થયું છે. શાહની ધરપકડ પર હાલ રોક રહેશે.

સોમવારે સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશના મંત્રી વિજય શાહની અરજી પર સુનાવણી કરી, જેમણે કર્નલ સોફિયા પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. આ સમય દરમિયાન, કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. તેણે કહ્યું છે કે તમે વિચાર્યા વિના તે કર્યું છે અને હવે તમે માફી માંગી રહ્યા છો. અમને તમારી માફી જોઈતી નથી. વાસ્તવમાં, તેમણે હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. જસ્ટિસ સૂર્યકાંતની બે સભ્યોની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. સુપ્રીમ કોર્ટમાં વિજય શાહ વતી વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહ હાજર રહ્યા હતા. તે જ સમયે, આદેશ આપતી વખતે, સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમને ખાતરી છે કે એફઆઈઆરની તપાસ એસઆઈટી દ્વારા થવી જોઈએ, જેમાં એમપી કેડરમાંથી સીધા ભરતી કરાયેલા ૩ વરિષ્ઠ આઈપીસી અધિકારીઓનો સમાવેશ થાય છે, પરંતુ જેઓ એમપી સાથે સંબંધિત નથી. આ ૩ માંથી ૧ મહિલા આઈપીએસ અધિકારી હોવી જોઈએ. ડીજીપી, એમપીને કાલે રાત્રે ૧૦ વાગ્યા પહેલા એસઆઈટીની રચના કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તેનું નેતૃત્વ એક આઈજીપી દ્વારા કરવામાં આવશે અને બે સભ્યો પણ એસપી કે તેથી ઉપરના હોદ્દાના હશે.



કોર્ટે કહ્યું કે એફઆઈઆરની તપાસ એસઆઈટીને સોંપવામાં આવશે. અરજદારને તપાસમાં જોડાવા અને સંપૂર્ણ સહયોગ આપવાનો નિર્દેશ આપવામાં આવે છે. શાહની ધરપકડ પર રોક રહેશે. સ્થાપિત કાયદાનું પાલન કરીને, અમે તપાસનું સીધું નિરીક્ષણ કરવાના નથી, પરંતુ ચોક્કસ તથ્યોને ધ્યાનમાં રાખીને, અમે એસઆઈટીને તેની તપાસનું પરિણામ સ્ટેટસ રિપોર્ટ દ્વારા સબમિટ કરવાનો નિર્દેશ આપીએ છીએ. આ મામલો ૨૮ મેના રોજ સૂચિબદ્ધ થયો હતો.

અગાઉ, વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહે દલીલ કરી હતી કે વિજય શાહ માફી માંગી રહ્યા છે. આના પર જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે તમારી માફી ક્યાં છે? મામલાના સ્વરૂપને ધ્યાનમાં લેતા, તમે કેવા પ્રકારની માફી માંગવા માંગો છો, તમે કયા મગરના આંસુ વહાવવા માંગો છો?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે વિચાર્યા વિના કર્યું અને હવે તમે માફી માંગી રહ્યા છો. અમને તમારી માફી જોઈતી નથી. હવે અમે કાયદા મુજબ તેનો સામનો કરીશું. જો તમે ફરી માફી માંગશો તો અમે તેને કોર્ટનો તિરસ્કાર ગણીશું. તમે એક જાહેર વ્યક્તિ છો, રાજકારણી છો અને તમે શું કહો છો? આ બધું વીડિયોમાં છે અને તમે ક્યાં જશો અને ક્યાં રોકશો. વ્યક્તિએ સંવેદનશીલ હોવું જોઈએ અને પોતાની જવાબદારી સમજવી જોઈએ. આ ખૂબ જ બેજવાબદારીભર્યું છે. અમને અમારી સેના પર ગર્વ છે અને તમે સમય જુઓ, શું તમે કંઈ કહ્યું?

સુપ્રીમ કોર્ટે કહ્યું કે તમે લોકોને દુઃખ પહોંચાડ્યું છે અને હજુ પણ સહમત નથી. આટલા મોટા લોકશાહી દેશના નેતાઓ પાસેથી સારા વર્તનનો અવકાશ છે. તમે જે ઈચ્છો તે કરો, અમે તમારી માફી સ્વીકારવાના નથી. તમે આ કમનસીબ નિવેદન કઈ તારીખે આપ્યું હતું? તમારા નિવેદનથી આખો દેશ ગુસ્સે છે. તમે લોકોને તે દેખાડ્યું. તમે તમારો વીડિયો જોયો?

સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે રાજ્ય સરકાર વતી કોણ હાજર થયું? કોર્ટે કહ્યું કે રાજ્ય સરકારે હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ એફઆઈઆર દાખલ કરી, તમે પહેલા શું કરી રહ્યા હતા? સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના વકીલને પૂછ્યું કે, તમે અત્યાર સુધી કઈ તપાસ કરી છે? લોકો માને છે કે રાજ્ય સરકારે નિષ્પક્ષ રહેવું જોઈએ. આ એક શૈક્ષણિક મામલો છે અને એફઆઈઆર નોંધવામાં આવી છે. રાજ્ય સરકારે જાતે જ પગલાં લેવા જોઈતા હતા.

## પાકિસ્તાને અમૃતસરના ગોલ્ડન ટેમ્પલને નિશાન બનાવી મિસાઈલ ઝીંકી હતી : સેનાનો ખુલાસો

**ભારતીય સેનાએ ૮-૯ મેએ ગોળીબારનો જવાબ આપતા પાક. સેનાએ સફેદ ધ્વજ ફરકાવ્યો**

અમૃતસર,તા.૧૯

ભારતીય સેનાએ કહ્યું કે પાકિસ્તાને અમૃતસરના ગોલ્ડન ટેમ્પલને નિશાન બનાવીને મિસાઈલ ઝીંકી હતી. જેને ભારતીય એર ડિફેન્સ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવી હતી. સેનાના જવાનોએ પંજાબમાં તોડી




પાડવામાં આવેલા પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલોનો કાટમાળ પણ બતાવ્યો છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર અંગે એક નવો વીડિયો બહાર પાડ્યો છે. આમાં સેનાએ બતાવ્યું છે કે તેણે પાકિસ્તાન તરફથી છોડવામાં આવેલા ડ્રોનને કેવી રીતે તોડી પાડ્યું. વીડિયો પોસ્ટ કરતી વખતે વેસ્ટર્ન કમાન્ડે લખ્યું, અમે આકાશને જમીનથી સુરક્ષિત કર્યું. આ દરમિયાન, પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત એક જવાને જણાવ્યું કે ૮-૯ મેની રાત્રે પાકિસ્તાને અચાનક ગોળીબાર કર્યો અને ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. જે અમે નિષ્ફળ બનાવ્યો હતો. અમારા ગોળીબારનું પરિણામ એ આવ્યું કે સવાર સુધીમાં દુશ્મન ઘૂંટણિયે પડી ગયા અને તેમની ચોકી પર સફેદ ધ્વજ ફરકાવ્યો હતો.

## સીજેઆઈ મુંબઈ પહોચ્યા બાદ કોઈ વરિષ્ઠ અધિકારીઓ ફરક્યા જ નહી

**અધિકારીઓના વર્તનથી જસ્ટિસ બીઆર ગવઈએ નારાજગી વ્યક્ત કરી**

મુંબઈ,તા.૧૯

ભારતના મુખ્ય ન્યાયાધીશ બન્યા પછી, જસ્ટિસ બીઆર ગવઈ રવિવારે પહેલીવાર મુંબઈ પહોંચ્યા હતા. જ્યાં મુખ્ય સચિવ, ડીજીપી અને મુંબઈ પોલીસ કમિશનર તેમને લેવા પહોંચ્યા ન હતા. આ અંગે તેમણે મહારાષ્ટ્ર-ગોવા બાર કાઉન્સિલના કાર્યક્રમમાં નિરાશા વ્યક્ત કરી હતી. CJI ગવઈએ કહ્યું, ‘હું આવા નાના મુદ્દાઓ વિશે વાત કરવા માગતો નથી, પરંતુ મને નિરાશા છે કે મહારાષ્ટ્રના વરિષ્ઠ અધિકારીઓ પ્રોટોકોલનું પાલન કરતા નથી. લોકશાહીના ત્રણેય સ્તંભ સમાન છે અને તેમણે એકબીજા પ્રત્યે આદર દર્શાવવો જોઈએ.’ CJIએ કહ્યું, મહારાષ્ટ્ર-ગોવા બાર કાઉન્સિલે



મુંબઈમાં CJI માટે એક સન્માન સમારોહનું આયોજન કર્યું હતું. દરમિયાન, ન્યાયાધીશ ગવઈએ કહ્યું કે જ્યારે કોઈ સંસ્થાના વડા પહેલીવાર કોઈ રાજ્યમાં આવી રહ્યા હોય, ખાસ કરીને જ્યારે તેઓ પણ તે જ રાજ્યના હોય, ત્યારે તેમણે પોતે વિચારવું જોઈએ કે જે વર્તન કરવામાં આવ્યું હતું તે યોગ્ય હતું કે નહીં. CJI ગવઈએ મરાઠીમાં સભાને સંબોધિત કરી અને તેમને મળેલા પ્રેમ અને સ્નેહ માટે ઊંડો આભાર વ્યક્ત કર્યો હતો. આ પહેલા તેમણે મુંબઈમાં ચૈત્યભૂમિ ડૉ. બાબાસાહેબ આંબેડકર મેમોરિયલની પણ મુલાકાત લીધી હતી.




## ભારતની સંરક્ષણ નિકાસ વધીને રૂા.૨૩,૬૨૨ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી



ન્યૂ દિલ્હી,તા.૧૯

ભારતનું અર્થતંત્ર ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. થોડા વર્ષો બાદ દેશની અર્થવ્યવસ્થા વિશ્વની ત્રીજી સૌથી મજબૂત અર્થવ્યવસ્થા બનવાની છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશની આયાત અને નિકાસ હરણફાળ ગતિએ વધી રહી છે. આ સાથે સંરક્ષણ નિકાસમાં પણ દર વર્ષે ધરખમ વધારો થઈ રહ્યો છે. ૨૦૨૪-૨૫માં દેશની સંરક્ષણ નિકાસ વધીને રૂા.૨૩,૬૨૨ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. તેમાં અગાઉના વર્ષ ૨૦૨૩-૨૫ કરતા ૧૨.૦૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧૦૮૩ કરોડ રૂપિયાની સંરક્ષણ નિકાસ નોંધાઈ હતી, ત્યારે આ વર્ષે ૨૩,૬૨૨ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે. એટલે કે ૨૦૨૩-૨૪ની તુલનાએ ૨૦૨૪-૨૫માં સંરક્ષણ નિકાસમાં ૧૨.૦૪ ટકાનો વધારો થયો છે. આમ દેશની સંરક્ષણ નિકાસમાં ગત વર્ષ કરતા આ વર્ષે ૨૫૩૯ કરોડ રૂપિયાનો વધારો થયો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (DPSU)એ ૪૨.૮૫ ટકાની સંરક્ષણ નિકાસ નોંધાવી છે. આ ડેટા પરથી કહી શકાય કે, વૈશ્વિક માર્કેટમાં ભારતીય ઉત્પાદનોની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે અને દેશ વૈશ્વિક પુરવઠામાં એક મહત્ત્વનું યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે. ભારતે વર્ષ ૨૦૨૪-૨૫માં સંરક્ષણ ક્ષેત્રે રૂ. ૨૩,૬૨૨ કરોડની નિકાસ કરી છે, જેમાં ખાનગી ક્ષેત્રએ ૧૫૨૩૩ કરોડ રૂપિયાનું અને ડીપીએસયુએ ૮૩૮૯ કરોડ રૂપિયા યોગદાન નોંધાવ્યું છે. આ પહેલા વર્ષ ૨૦૨૩-૨૪ની સંરક્ષણ નિકાસમાં ખાનગી ક્ષેત્રનો ૧૫૨૦૯ કરોડ રૂપિયાનો, જ્યારે ડીપીએસયુનો ૫૮૭૩ કરોડ રૂપિયાનો ફાળો હતો. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ સફળતા હાંસલ કરવા બદલ તમામ હિતધારકોને અભિનંદન આપ્યા છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત ૨૦૨૯ સુધીમાં સંરક્ષણ નિકાસને ૫૦૦૦૦ કરોડ રૂપિયા સુધી વધારવાના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ આગળ વધી રહ્યું છે.









# બાબરાના કોટડાપીઠાથી વાવડા રોડનું ૪ કરોડના ખર્ચે ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા,તા.૧૯

બાબરા તાલુકાના કોટડાપીઠાથી વાવડા સુધીના જર્જરિત રોડના નવીનીકરણનું ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજીત ૪ કરોડ રૂપિયાના ખર્ચે બનનાર આ રોડથી સ્થાનિક ગ્રામજનોની લાંબા સમયની મુશ્કેલીઓનો અંત આવશે. કોટડાપીઠાથી ખંભાળા



થઈ થોરખાણ રોડનો જે ભાગ જંગલ વિસ્તારમાં આવતો હોવાને કારણે બાકી રહી ગયો હતો, તેને કારણે ગ્રામ્ય વિસ્તારોના લોકોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. ખાતમુહૂર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, આ રોડનું નવીનીકરણ સ્થાનિક લોકો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ રોડ બનવાથી લોકોને અવરજવરમાં સરળતા રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી સહિતના હાજર રહ્યાં હતા.

**કિલોના માત્ર રૂા.૧ ભાવ આવતો હોવાથી ખેડૂતે ડુંગળીના વાવેતર પર ટ્રેક્ટર ફેરવ્યું**

# ડુંગળીના ભાવ ગગડતા અમરેલી જિલ્લાના ખેડૂતો પાયમાલ થયા

અમરેલી,તા.૧૯

સાવરકુંડલામાં ડુંગળીના પૂરતા ભાવ ન મળતા ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થયા છે. અમરેલી જિલ્લાના મહુવા માર્કેટિંગ યાર્ડમાં સામાન્ય રીતે સફેદ ડુંગળીના સારા ભાવ મળતા હોવાથી તાલુકાના ખેડૂતોએ મોટા પાયે ડુંગળીનું વાવેતર કર્યું હતું. જો કે, મહુવામાં પણ ડુંગળીનો ભાવ કિલોના માત્ર ૧ રૂપિયો બોલાતા ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું છે. સતત પડેલા કમોસમી ભારે



વરસાદને કારણે ડુંગળીના ભાવમાં ઘટાડો થયો છે. માર્કેટિંગ યાર્ડ સુધી ડુંગળી પહોંચાડવાનો ખર્ચ પણ માથે પડતો હોવાથી કેટલાક ખેડૂતોએ ખેતરમાં ઉભા ડુંગળીના પાક પર ટ્રેક્ટર ફેરવી દીધું હતું, જ્યારે કેટલાક ખેડૂતોએ ચેતન માલાણીને યોગ્ય ભાવ માટે સરકારને અપીલ કરવા કહ્યું છે.

# અમરેલીમાં તા. ૨૨મીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે આગામી તા.૨૨ મે, ૨૦૨૫ને ગુરુવારના રોજ રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો સવારે ૧૧ વાગ્યે નૂતન હાઈસ્કૂલ, ચિતલ રોડ, અમરેલી ખાતે યોજાશે. રાજ્યના અગ્રગણ્ય એકમ માટે યોજાનાર આ મેળામાં ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા અને ધો.૧૦ પાસ, ધો.૧૨ પાસ, આઈ.ટી.આઈ, સ્નાતક લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકશે. રસ ધરાવતા ઉમેદવારોએ અનુબંધમ વેબપોર્ટલ https://anubandham.gujarat.gov.in/account/signup પર જોબસીકર તરીકે નોંધણી કરાવવાની રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# લીલીયામાં ધારાસભ્ય કસવાલા દ્વારા ૭૯૯ લાખના વિકાસ કાર્યોનું ભૂમિ પૂજન

લીલીયા, તા.૧૯

લીલીયા- સાવરકુંડલા વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ લીલીયા તાલુકામાં ૭૯૯ લાખ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન કર્યું હતું. આ વિકાસ કાર્યોમાં મુખ્યત્વે લીલીયા-ક્રાંકચને



જોડતા ૬૬૬ લાખના પુલના કામ અને હાથીગઢથી ખારા જવાના ૧૩૩ લાખના રોડ રિસર્ફેસિંગના કામનો સમાવેશ થાય છે. ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય વિસ્તારના છેવાડાના લોકો સુધી વિકાસ પહોંચાડવાનો છે. આ પ્રસંગે લીલીયા તાલુકા ભાજપના પ્રમુખ જીજ્ઞેશ સાવજ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના ચાંચબંદરમાં યુવકને છરીથી ચરકો કર્યો

**મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

રાજુલા, તા.૧૯

રાજુલાના ચાંચબદરમાં રહેતો એક યુવક સુતો હતો ત્યારે તેને છરીથી ચરકો કરવામાં આવ્યો હતો. જીવરાજભાઈ પોપટભાઈ શીયાળ (ઉ.વ.૩૦) એ ધરમશીભાઈ લખમણભાઈ ચૌહાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સાહેદ વિપુલભાઈ દિપકભાઈ શીયાળ તેમના ઘરે સુતા હતા ત્યારે કોઈ કારણસર ગળાના ભાગે છરીથી સામાન્ય ચરકો કરી ઈજા પહોંચાડી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એચ. એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**આ પ્રસંગે લેઉવા પટેલ સમાજના અગ્રણીઓ અને વડીલો હાજર રહ્યાં**

# લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમરેલી દ્વારા આગામી વર્ષો માટે નવા હોદ્દેદારોની જાહેરાત

અમરેલી, તા.૧૯

લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, અમરેલી દ્વારા આગામી વર્ષો માટે સંસ્થાના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. આ સંસ્થા સમાજ કલ્યાણના વિવિધ કાર્યો જેવા કે સમૂહલગ્ન, વેવિશાળ પસંદગી સમારોહ, વિદ્યાર્થી સન્માન કાર્યક્રમો, વિદ્યાર્થીઓ માટે મોટિવેશનલ કાર્યક્રમો, ધાર્મિક તહેવારો અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણીઓ સક્રિયપણે કરે છે. સંસ્થાના પ્રમુખ ડી.કે. રૈયાણી, કોર કમિટીના સભ્યો કાળુભાઈ ભંડેરી, દકુભાઈ ભુવા, હિમાંશુભાઈ ધાનાણી, કાંતિભાઈ વઘાસિયા અને રાજેશભાઈ માંગરોળીયા દ્વારા સમાજના આગેવાનો સાથે પરામર્શ કરીને નવી ટીમની વરણી કરવામાં આવી છે. નિયુક્ત થયેલા



હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે કાળુભાઈ સુવાગીયા, દિનેશભાઈ બાંભરોલીયા, લાલજીભાઈ દેસાઈ, ડો. ચંદ્રેશભાઈ ખૂટ, નરેશભાઈ સાકરીયા, હરેશભાઈ ધડુક, નિલેશભાઈ દેસાઈ અને કાળુભાઈ કાછડીયા મંત્રી તરીકે પ્રો. જે.ડી. સાવલિયા, ભરતભાઈ બાવીસી, રાજુભાઈ ઝાલાવાડીયા, સંજયભાઈ રામાણી (ચંદુ), ધવલભાઈ કાબરીયા, વર્ષિલભાઈ મોવલીયા, વરુણભાઈ પટેલ અને ડો. નરેન્દ્ર સોજીત્રા અને ખજાનચી તરીકે ગોપાલભાઈ કચ્છી, ભરતભાઈ કાબરીયા, વર્ષિલભાઈ સાવલિયા, જયસુખભાઈ સોરઠીયા, જગદીશભાઈ તળાવીયા, પંકજભાઈ ધાનાણી અને પરેશભાઈ પોકળના નામની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રસંગે લેઉવા પટેલ સમાજના વડીલ આગેવાન મનુબાપા દેસાઈ, લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પૂર્વ પ્રમુખો કાંતિભાઈ વઘાસિયા, દિનેશભાઈ ભુવા અને નંદલાલભાઈ ભડકણ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અનાજનું વિતરણ કરાયું

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લાના પુરવઠા તંત્ર દ્વારા એપ્રિલ માસ દરમિયાન જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ (એનએફએસએ) હેઠળના અગ્રતા ધરાવતા બીપીએલ અને એપીએલ કાર્ડ ધારકોને ૮,૭૬૩ ટન ઘઉં અને ૨,૫૫૧ ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં અંત્યોદય કાર્ડ ધારકોને પણ એપ્રિલ માસમાં ૩૧૩ ટન ઘઉં અને ૪૧૭ ટન ચોખાનું વિતરણ કરાયું છે. વધુમાં, એએવાય અને બીપીએલ કાર્ડ ધારકો માટે ૧૪૧ ટન ખાંડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અગ્રતા ધરાવતા પરિવારોને વ્યક્તિદીઠ ૨ કિલોગ્રામ ઘઉં અને ૩ કિલોગ્રામ ચોખા જ્યારે અંત્યોદય પરિવારોને કાર્ડ દીઠ ૧૫ કિલોગ્રામ ચોખા અને ૨૦ કિલોગ્રામ ઘઉં વિનામૂલ્યે આપવામાં આવે છે.

# ધારી નગરપાલિકાના ચીફ ઓફિસર રજા પર જતાં લોકોને ભારે હાલાકી

ધારી,તા.૧૯

ધારી નગરપાલિકા જ્યારથી અસ્તિત્વમાં આવી છે ત્યારે આજ દિવસ સુધી કોઈને કોઈ વિવાદમાં હોય જ છે. નગરપાલિકાની કાર્યક્ષેત્રમાં આવતા કોઈપણ કાર્યો થતાં નથી એવી ચર્ચા લોકોમાં થાય છે. નગરપાલિકાના કામો ન થવાનું કારણ શું છે એ જાણવા માટે ધારી પત્રકાર સંઘના પ્રમુખ સંજય વાળા દ્વારા રૂબરૂ તપાસ કરતા નગરપાલિકાના



તસવીર :સંજય વાળા

ચીફ ઓફિસર હાલ રજા ઉપર હોય તેવું જાણવા મળ્યું હતું. આથી સંજય વાળા દ્વારા નગરપાલિકાના વહીવટદારને ફોન કરતા તેમનો ફોન રિસીવ થયો ન હતો. લોકોના ટેક્સમાંથી પગાર મેળવતા આ અધિકારીઓ એવા તો શું કામમાં વ્યસ્ત હોય છે કે મીડિયા કે પબ્લિકના ફોન પણ નથી ઉપાડતા. આથી હવે ખરેખર ધારી નગરપાલિકા માત્ર રામભરોસે હોય એવું જ લાગી રહ્યું છે.

# અમરેલી, વડીયા તાલુકાની શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ભરતી

અમરેલી, તા.૧૯

અમરેલી અને વડીયા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રધાનમંત્રી પોષણ યોજના (મધ્યાહન ભોજન) હેઠળ વિવિધ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી છે. અમરેલી તાલુકાની સુખનિવાસ, કન્યાશાળા-૨, જેસીંગપરા કન્યા શાળા, વરસડા પે સેન્ટર શાળા ઉપરાંત હનુમાનપરા, રંગપુર, પ્રતાપપરા, હરિપુરા, શેડુભાર પ્લોટ, દહીંડા, તરવડા, રીકડીયા અને મોટા માંડવડા પ્રાથમિક શાળાઓમાં સંચાલક કમ કૂકની ૧૩ જગ્યાઓ ખાલી છે. માલવણ, લાલાવદર, વરસડા, સાંગાડેરી, સાજીયાવદર, ફતેપુર, મેડી, ચાંદગઢ અને નાના ગોખરવાળા પ્રાથમિક શાળામાં રસોઈયાની તેમજ વરસડા પે સેન્ટર શાળા, પ્રતાપપરા, ચાંપાથળ, ફતેપુર અને લાપાળીયા પ્રાથમિક શાળામાં મદદનીશની જરૂરિયાત છે. વડીયા તાલુકાની કોલડા, ખજૂરી, જંગર, ભુખલી સાંથળી, વાવડી રોડ અને સારંગપુર પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન કેન્દ્ર સંચાલકોની આવશ્યકતા છે. સંચાલક કમ કૂક માટે ધોરણ ૧૦ પાસ સ્થાનિક ઉમેદવાર, જ્યારે રસોઈયા અને મદદનીશ માટે અનુભવ અને સ્થાનિક હોવું જરૂરી છે. વડીયા તાલુકામાં સંચાલક માટે સંબંધિત ગામના વતની, ૨૦થી ૬૦ વર્ષની વય અને ધોરણ ૧૦ પાસ લાયકાત માંગવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારો અમરેલી તાલુકા માટે અમરેલી તાલુકા મામલતદાર કચેરી અને વડીયા તાલુકા માટે વડીયા તાલુકા મામલતદાર કચેરીમાંથી નિયત અરજી પત્રક મેળવીને જરૂરી દસ્તાવેજો સાથે અનુક્રમે ૨૭મેના સાંજે ૪ વાગ્યા સુધીમાં અને બપોરના ૨ વાગ્યા સુધીમાં જમા કરાવી શકે છે.







**ઠાકોરજીના હાલરડાં અને કીર્તનનો લ્હાવો લીધો**

# રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા ધરાઈની બાલમુકુન્દ હવેલીમાં દર્શનાર્થે

અમરેલી, તા.૧૯

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રીમતી નયનાબહેન પેઢડીયાએ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામે બિરાજમાન આશરે ૩૫૦ વર્ષ પુરાણી શ્રી બાલમુકુન્દ હવેલીની મુલાકાત લીધી હતી. તેમણે નિકુંજનાયક નિધિસ્વરૂપ શ્રી બાલમુકુન્દ પ્રભુના દર્શન



કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે તેમણે ઠાકોરજીના હાલરડાં અને કીર્તનનો લ્હાવો લીધો હતો. દર્શન બાદ તેમણે ઠાકોરજીના પ્રસાદનો પણ સ્વાદ માણ્યો હતો.

# વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.

કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::
- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
- જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..

... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...

ધો :- 9 & 10

થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths ,M.Sc., B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડ્યા મનોજભાઇ Science ,M.Sc., B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિધાગુરૂ માં...
- Smart Board ધરાવતા ક્લાસ...
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..

ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 220 86


### શ્વાનનો ત્રાસ વધતો હોવાથી પાલિકા દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવે તે જરૂરી

# અમરેલીમાં આખલાઓની સાથે રખડતા શ્વાનથી લોકોમાં ભય

અમરેલી,તા.૧૯

અમરેલી શહેરમાં રખડતા ઢોર અને શ્વાનનો ત્રાસ ખુબ વધ્યો છે. ખાસ કરીને રસ્તા પરથી પસાર થતા વાહનચાલકોને શ્વાન નિશાન બનાવતા હોય છે જેના કારણે વાહન અકસ્માતની ઘટના બનવા પામે છે. રાત્રી દરમિયાન શેરીમાંથી નીકળતી વખતે શ્વાન કરડતા હોવાના પણ બનાવો બને છે. તો ગૌવંશ રસ્તામાં અડીંગો જમાવીને બેસી જતા હોવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અમરેલી શહેરના ચિત્તલ રોડ, લાઠી રોડ, ટાવર પાસે, કેરીયા રોડ તેમજ અનેક સોસાયટીઓમાં શ્વાન અને રખડતી ગાયનો ત્રાસ વધી રહ્યો છે. આખલાઓ ગમે ત્યાં શીંગડા ભરાવતા હોવાથી રાહદારીઓમાં ભારે ભય ફેલાયો છે. શહેરની શેરી અને ગલીઓમાં રખડતા શ્વાનને કારણે વાહન અકસ્માતની ઘટના પણ બની રહી છે. શહેરમાં આખલાયુદ્ધ રોજીંદુ બની ગયું છે. જેના કારણે ક્યારેક કોઈ રાહદારીનું મોત થવાની સંભાવના પણ રહે છે. એક તરફ ગૌવંશને બચાવવાની વાતો થાય છે તો બીજી તરફ રખડતા ઢોર કચરો ખાઈ બીમારીનો ભોગ બને છે. જીવદયા પ્રેમી ગૌમાતાને બચાવવા સતત મહેનત કરતા હોય છે. સાથે તંત્ર પણ આળસ ખંખેરી ગાયોને બચાવવા કામગીરી કરે તે જરૂરી છે. તેમજ રખડતા શ્વાન માટે ડોગ સ્ક્વોડ કાર્યરત કરવા માંગ ઉઠી છે. હાલમાં ઉનાળો મધ્યાહને પહોંચ્યો છે, રાત્રીના સમયે લોકો વોકીંગ કરવા નીકળે છે ત્યારે આવી સ્થિતિમાં રખડતા શ્વાન સક્રિય થઈ જાય છે, છેલ્લા ઘણા સમયથી અમરેલીમાં રખડતા શ્વાન સક્રિય થયા છે, જેઓ રાત્રીના સમયે વાહનચાલકો પાછળ બેફામ રીતે દોડે છે, અમરેલી નગરપાલિકા વિસ્તારમાં રખડતા શ્વાન આદમખોર બની રહ્યા છે અને જંગલી જાનવરોની જેમ નગરજનો પાછળ કરડવાના ઈરાદે દોડતા હોય છે. રાત્રીના સમયે શ્વાનોના ટોળા જોવા મળતા લોકોમાં ફફડાટ ફેલાય છે, સાથે રખડતા શ્વાનો રાહદારીઓની પાછળ દોડતા હોવાને લઈને અકસ્માત થવાનો ભય પણ નગરજનોને સતત સતાવી રહ્યો છે, ત્યારે અમરેલી નગરપાલિકા દ્વારા રખડતા શ્વાનનો ત્રાસ સત્વરે દૂર કરાય તેવી શહેરીજનો દ્વારા માંગ કરવામાં આવી છે.



### રાત્રીના વોકીંગ કરવા નીકળતા લોકો પાછળ શ્વાન દોડતા હોવાની પણ ફરિયાદ ઉઠી છે

### ત્રણને ગંભીર હાલતમાં લાઠી-અમરેલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા

# લાઠી-ભુરખીયા રોડ પર કાર-રિક્ષા વચ્ચે અકસ્માત, ૬ લોકો ઘાયલ

અમરેલી,તા.૧૯



લાઠી ભુરખીયા રોડ પર એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ભુરખીયાથી લાઠી તરફ આવી રહેલી એક રિક્ષા અને કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં મહિલાઓ સહિત કુલ ૬ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ત્રણની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. રિક્ષામાં સવાર એક મહિલા અને અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. જ્યારે અન્ય ત્રણ લોકોને સામાન્ય ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે લાઠી અને અમરેલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. બે ઈજાગ્રસ્તો મનીષાબેન પરેશભાઈ ડાભી રહે. ઉપલેટા અને સમીર હરસુખભાઈ માલવ ઉ.વ.૧૩ રહે. પંચાળા તા.કેશોદને રાજકોટ રિફર કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# જંગર ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં ધારાસભ્ય કૌશિક વેકરીયાની હાજરી

અમરેલી, તા.૧૯



રાજપરા પરિવાર (જંગરવાળા) દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહના સમાપન સમારોહમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા હાજર રહ્યાં હતા. કૌશિકભાઈએ જંગર ગામ સાથેના પોતાના જૂના સંબંધોને યાદ કર્યા હતા. આ પ્રસંગે ટાવર વેપારી મંડળના હિતેશભાઈ પોપટ અને તેમના મિત્રમંડળનું સન્માન કરવામાં આવ્યું હતું. દ્વારકાધીશ હવેલી (મોટી)ના પ્રમુખ અને ટ્રસ્ટીઓએ નિતિનભાઈ અને તેમના પરિવારનું સન્માન કર્યું હતું. ત્યારબાદ અરવિંદભાઈ જાનીદાદા (જય નાગનાથવાળા) દ્વારા પણ નિતિનભાઈ, તેમના પત્ની, હસુભાઈ (શ્રી બાલમુકુંદ જ્વેલર્સ-સુરત), તેમના પત્ની અને સમગ્ર પરિવારનું સન્માન કરાયું હતું. શાસ્ત્રી વિપુલભાઈ વ્યાસ અને તેમના પત્નીનું પણ નાગનાથ દાદાના ફોટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં હાજર રહેલા ભાવિકોએ ભક્તિભાવથી ભાગ લીધો હતો.





વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances

એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭

કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪


## અવસાન નોંધ

**બગસરા**

બ્રહ્મક્ષત્રીય નિર્મળાબેન નટવરલાલ વાલેરા( લંડન ) (ઉંમર વર્ષ ૯૩) તે સ્વ. નટવરલાલ કલ્યાણજીભાઈ વાલેરાના ધર્મપત્ની તેમજ સ્વ. કિશોરભાઈ કલ્યાણજીભાઈ વાલેરા (બગસરા) ના ભાભી તેમજ કૌશિકભાઇ (લંડન) માતૃશ્રી તેમજ જયપ્રકાશભાઈ, સ્વ. વિજયભાઈ, જયેશભાઈ, અનિલભાઈના ભાભુનું લંડન મુકામે તા.૧૮ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**ડોળાસા**

ઉકાભાઇ કેશરભાઈ ડોડીયા ( ઉંમર વર્ષ ૬૬ ) તે ગોપાલભાઈ, રમેશભાઈ, હરેશભાઈ અને જગદીશભાઈના પિતાનું તા.૧૮/૫ના રોજ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૨૨/૫ ગુરુવારના રોજ તેમના વાડીના નિવાસ સ્થાને રાખેલ છે.


લેઉવા પટેલ ટ્રસ્ટ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી

ફોન ✓ (૦૨૭૯૨) ૨૨૨૩૨૧ થી ૨૬ -Ad069

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 071

DLS ગર્લ્સને - કોલેજ પ્રવેશ માટે આવકારીએ છીએ

★ ધો. ૧૨ ની DLS ગર્લ્સ ને કોલેજ પ્રવેશ માટે આવકારીએ છીએ.
★ કોલેજ માં તમામ રમત ની પ્રેક્ટીસ કરવાની વ્યવસ્થા રહેશે.
★ યુનિવર્સિટી ની સ્પર્ધામાં સંસ્થા તરફથી મોકલવાની વ્યવસ્થા રહેશે.
★ સ્પોર્ટસ પ્રેક્ટીસ માટે રીડીંગબેલ માંથી છૂટ રહેશે.
★ KG ટુ PG સંકુલ ઓછી ફી – સારૂ શિક્ષણ – સારી વ્યવસ્થા – ઉચ્ચ પરિણામ
★ સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ Since 1997


# રાજુલાના ચોત્રા મોમાઈવડ ખાતે ભાગવત સપ્તાહ યોજાઈ

રાજુલા, તા.૧૯



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાના ચોત્રા મોમાઈવડ ખાતે આયોજિત દેવી ભાગવત સપ્તાહમાં રાજકીય અને ધાર્મિક આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી. દાન મહારાજની જગ્યાના મહંત વલકુ બાપુ, શક્તિસિંહ ગોહિલ, પરેશ ધાનાણી અને પ્રતાપ દુધાત સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. સાંસદ શક્તિસિંહ ગોહિલે મોમાઈ માતાજીના મંદિરના વિકાસ માટે પોતાની સાંસદ ગ્રાન્ટમાંથી દસ લાખ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી હતી. તેમણે સમાજની એકતા પર ભાર મૂક્યો હતો.


# નિત્યા સ્કીન ક્લિનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર — M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

# રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ — M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બાબરાના ચરખા ગામેથી ફોર વ્હીલમાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે લાલ આંખ કરી કરી રહી છે. જિલ્લામાં ત્રણ સ્થળેથી પીવાનો દેશી દારૂ પકડાયો હતો. બાબરાના ચરખા ગામેથી જીજે-૧૪-બીજી-૪૮૭૫ નંબરની ઈનોવા લઈને પસાર થતાં ચાલકને અટકાવી તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની ૩૭૬ બોટલ મળી હતી. પોલીસે દારૂ, કાર સહિત રૂપિયા ૫,૩૨,૪૧૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલામાં કાપેલ ધાર પાસેથી



શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા (ઉ.વ.૪૪) ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની નાની મોટી બોટલો ૨૮૩, ૨૪ નંગ ચપટા, ૧૯ બીયરના ટીન મળી કુલ ૯૨,૮૭૨ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામથી મોટા કણકોટ જવાના રસ્તેથી મોહનભાઈ શામજીભાઈ બગડા (ઉ.વ.૪૦) ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલ સાથે પકડાયો હતો. રાજુલામાંથી ચાર સહિત જિલ્લામાંથી સાત ઈસમો પાસેથી દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાંથી ૧૨ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. કેફી પીણું પીને વાહન ચલાવતાં બે ઈસમો પકડાયા હતા.

# જાફરાબાદથી ભાગેલી શંકાસ્પદ બોટ વલસાડના દરિયા કિનારેથી ઝડપાઈ

**શંકાસ્પદ વસ્તુ ન મળતા માછીમારોએ હાશકારો અનુભવ્યો**

અમરેલી,તા.૧૯

જાફરાબાદના દરિયા કિનારેથી ૧૨ નોટિકલ માઈલ દૂર એક શંકાસ્પદ બોટ દેખાતા માછીમારોએ એલર્ટ કર્યું હતું. નંબર વગરની આ બોટ જાફરાબાદથી ભાગી જતાં માછીમારોએ મરીન પોલીસને જાણ કરી હતી.

પોલીસે ગુજરાતના દરિયા કિનારાના તમામ લેન્ડિંગ પોઈન્ટ પર એલર્ટ જાહેર કર્યું હતું. ત્યારે આ શંકાસ્પદ બોટ 'રવિ' વલસાડના દરિયાકિનારે મળી આવી હતી. જોકે, તેમાં કંઈપણ શંકાસ્પદ ન લાગતા તમામ એજન્સીઓએ હાશકારો અનુભવ્યો છે. વલસાડ જિલ્લાના



૭૦ કિલોમીટર લાંબા દરિયા કિનારે પોલીસ સતર્ક હતી. આ દરમિયાન બોટ વલસાડના દરિયા કિનારે આવી પહોંચતા પોલીસે તેને આંતરી લીધી હતી. કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરે દરિયામાં બોટને લોકેટ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે 'રવિ' નામની આ બોટ વલસાડની જ છે. બોટમાં સવાર બે વ્યક્તિઓ પણ વલસાડના સ્થાનિક માછીમારો છે. બોટ બગડી જવાને કારણે તેમાંથી ધુમાડો નીકળતો હતો, જેના કારણે અન્ય માછીમારોને ગેરસમજ થઈ હતી.

# પત્નીએ ભાઈ-ભાભીની ખબર પૂછવા જવાનું કહેતા પતિએ ધક્કો માર્યો

**બાબરા શહેરમાં બનાવ બન્યો**

બાબરા, તા. ૧૯

બાબરામાં રહેતી એક પરિણીતાએ તેના ભાઈ-ભાભીની ખબર પૂછવા જવાનું કહેતા પતિએ ધક્કો માર્યો હતો. જેના કારણે તેને ઈજા પહોંચી હતી. યાસ્મીનબેન હુસૈનભાઈ ભોજવાણી (ઉ.વ.૨૭)એ પતિ હુસૈનભાઈ કાળુભાઈ ભોજવાણી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને ગારિયાધાર મુકામે તેમના ભાઈ ભાભીની ખબર પૂછવા જવું હતું. આ વાત તેમના પતિને સારી નહોતી લાગી જેથી તેમને ગાળો આપી ધક્કો માર્યો હતો. જેના કારણે પડખામાં વાગી જતાં માથાના ભાગે ત્રણ ટાંકાની ઈજા થઈ હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના ગેલેક્સી સિનેમામાં સિનિયર સિટીઝન સન્માન અને સંગીત સંધ્યા યોજાઈ

**વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું**

બાબરા, તા.૧૯

બાબરામાં પ્રથમવાર ગેલેક્સી સિનેમા હોલ ખાતે સિનિયર સિટીઝનનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વડીલોને શાલ ઓઢાડી



તસવીર : વિજય માળી

સન્માનિત કરવામાં આવ્યા હતા. લેડીઝ ક્લબના સભ્યોએ પણ મહિલાઓનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ગેલેક્સી સિનેમા હોલના માલિક તેરૈયાભાઈનો મુખ્ય ફાળો રહ્યો હતો. ઉડાન લેડીઝ ક્લબના સંચાલક નીતાબેન સુચકના માર્ગદર્શન હેઠળ મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી સંગીત સંધ્યાનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે ચેમ્બર ઓફ કોમર્સ બાબરાના પ્રમુખ મુનાભાઈ મલકાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીના ચાપાથળ ગામે ચર્મ ઉદ્યોગનો સામાન સળગાવી દીધો

**અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૯

અમરેલીના ચાપાથળ ગામે અજાણ્યા ઈસમ સામે ચર્મ ઉદ્યોગનો સામાન સળગાવી દીધાની ફરિયાદ નોંધાઈ હતી. ગોવિંદભાઈ મંગાભાઈ બગડા (ઉ.વ.૪૩)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, ચાપાથળ ગામે તેમને ચર્મ ઉદ્યોગ માટે જમીન ફાળવવામાં આવી હતી. જેમાં રાખેલા ૭૦ મણ હાડકા તથા ત્રણ મણ શિંગડા અજાણ્યા ઈસમે સળગાવીને રૂપિયા ૪૫,૦૦૦નું નુકસાન કર્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં ગટરના ગંધાતા પાણીથી રાહદારીઓ અને દુકાનદારો પરેશાન

**નગરપાલિકા દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી**

દામનગર, તા.૧૯

દામનગરની લુહાર શેરીમાં ભૂગર્ભ ગટર છાશવારે ઉભરાતા સ્થાનિક રહીશો, દુકાનદારો અને રાહદારીઓ ભારે પરેશાન છે. ભૂગર્ભ ગટર લાઈન નાખ્યા પછી પણ આ સમસ્યા અવિરત રહેતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.



પાઈપની સાઈઝ નાની હોવાને કારણે ગટર ઉભરાતી હોવાનું માનવામાં આવે છે. છેલ્લા પાંચ દિવસથી ગંદુ પાણી શેરીમાં ફરી વળતા અવરજવર કરવી મુશ્કેલ બની ગઈ છે, જેના કારણે વિકાસના સમયમાં પણ લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિકો આ સમસ્યાના કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

**ક્યારે અટકશે અકસ્માતનો સિલસિલો?**

# જિલ્લામાં અકસ્માતના ત્રણ બનાવમાં એક વ્યક્તિનું મોત, બે ઘાયલ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં અકસ્માતના ત્રણ બનાવ બન્યા હતા. જેમાં એક વ્યક્તિનું મોત અને બે લોકો ઘાયલ થયા હતા. સાવરકુંડલાના જાબાળ ગામે રહેતા મનુભાઈ ઉર્ફે મુનો જીણાભાઈ વાઘેલા (ઉ.વ.૪૧)એ જાહેર કર્યા મુજબ, પ્રવિણ ઉર્ફે દકુ જીણાભાઈ વાઘેલા (ઉ.વ.૩૬)એ તેમની બાઈક રસ્તા વચ્ચે પડેલા બાવળના ઝાડ સાથે ભટકાવી હતી. જેથી ગંભીર ઈજા થવાથી મોત થયું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેસનના પીએસઆઈ એન.એસ. મુસાર વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં મૂળ મધ્યપ્રદેશના અને હાલ અમરેલીમાં રહેતા શુભમ શર્મા (ઉ.વ.૨૫)એ અજાણ્યા ટ્રેક્ટર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ભાવનગરથી અમરેલી જતા હતા ત્યારે રસ્તામાં લાઠી નજીક પહોંચતા સામેથી આવતા કોઈ અજાણ્યા ટ્રેક્ટરના ચાલકે અડફેટે લેતાં ફ્રેક્ચરની ઈજા થઈ હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે. ત્રીજા બનાવમાં ખાંભાના ડેડાણ ગામે રહેતા મહેશભાઈ ભવાનભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) એ જીજે-૩૨-જે-૨૭૮૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ પ્રવિણભાઈ ભીમાભાઈ મકવાણા તેમના મામા મનસુખભાઈની હિરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ આર.ટી.ઓ.રજી.નં.GJ-૧૪-BH-૩૨૭૬ ની લઈને તેમના ઘરેથી જામકા રોડ ઉપર મામા મનસુખભાઈના કારખાને લેવલ પટ્ટી લેવા જતા હતા ત્યારે ડેડાણ ગામે આવેલ જામકા રોડ ઉપર આવેલ પાચાભાઈ મકવાણાના ઘર પાસે પહોચતા GJ-૩૨-J-૨૭૭૮ ના મોટર સાયકલ ચાલકે રોંગ સાઈડમાં ચલાવી આવી તેમના હવાલાની મોટર સાયકલ સાથે અથડાવી નીચે પછાડી દેતા સાહેદ પ્રવિણભાઈને ડાબા પગના ગોઠણના ભાગે છોલાણ જેવી ઈજા થઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧,તિથિ: મ
તા. ૨૦-૦૫-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૭,
સૂર્યાસ્ત-૦૭:૦૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૫-૨૦૨૫ મંગળવાર

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આજે જે લોકો ધંધામાં છે તેને લાભ થશે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજે સુવર્ણ તક છે.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી.

મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત વીર હિન્દુ વિજેતા હિન્દુ પ્રશિક્ષણ વર્ગ યોજાયો

અમરેલી, તી. ૧૯

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત વીર હિન્દુ વિજેતા હિન્દુ પ્રશિક્ષણ વર્ગ તા. ૧૩/૫ થી ૧૮/૫/૨૦૨૫ ટાટમ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે યોજાયો હતો. રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સેલ્ફ ડિફેન્સ જુડો કરાટે, રાયફલ શુટિંગ, બૌધ્ધિક યોગ ધ્યાન જેવી વિવિધ પ્રકારની ટ્રેનિંગ આપી હતી. તેમજ પુજય સંતો મહંતોએ આશીર્વાદ આપ્યા હતા. સૌરાષ્ટ્ર પ્રાંતના



વિવિધ જિલ્લાઓમાંથી રાષ્ટ્રીય બજરંગદળના ૧૭૫ કાર્યકર્તાઓ ટ્રેનિંગ લીધી હતી. જેમાં કેન્દ્રીય મંત્રી રણછોડભાઈ ભરવાડ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ગજેરા, સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત સંયુક્ત મહામંત્રી વસંતભાઈ પટેલ, ઉપાધ્યક્ષ વાલેરાભાઈ રાઠોડ, પુર્વેશભાઈ ઢાકેચા, સુરત રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ વનરાજ સિંહ ખેર, મહામંત્રી જગદિશભાઈ વાદોદરીયા, યોગેન્દ્ર સિંહ રાઠોડ, ગીરીરાજ સિંહ રાણા, પ્રાંત મંત્રી ચંદુભાઈ વાળા, રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત મંત્રી મનહરભાઈ ચાવડા સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના દારૂના ગુનામાં ફરાર આરોપી પકડાયો

રાજુલા, તા.૧૯

રાજુલા પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીની અમરેલીની એલ.સી.બી. ટીમે ધરપકડ કરી હતી. આ આરોપી રવિ ઉર્ફે રવિરાજભાઈ બદરૂભાઈ વાળા, ઉ.વ.૨૩, (રહે.માલસીકા, તા.ધારી) કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોવાથી તેના નામનું કોર્ટમાંથી વોરંટ



ઈસ્યુ થયું હતું, આથી અમરેલી એલ.સી.બી.ની ટીમે આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમીના આધારે પકડીને આગળની કાર્યવાહી કરવા માટે રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપેલ છે.

# બાબરાની હિના પ્રાથમિક શાળામાં તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

બાબરા, તા.૧૯

શ્લોક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હિના પ્રાથમિક શાળા ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતના સદસ્ય નીતિનભાઈ રાઠોડ, સમાજ અગ્રણી સુરેશભાઈ ધાખડા, ખાખરીયાના સરપંચ વિપુલભાઈ કાચેલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોના હસ્તે



તસવીર : દિપક કનૈયા

દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. નીતિનભાઈ રાઠોડ, ભાવેશભાઈ રાઠોડ અને નટુભાઈ જાસલિયાએ પ્રાસંગિક પ્રવચનોમાં શાળાની પ્રવૃત્તિઓ, સુવિધાઓ અને ઉત્કૃષ્ટ પરિણામોની માહિતી આપી હતી. શાળાના ધોરણ ૧ થી ૮માં પ્રથમ ત્રણ ક્રમે આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# લીલીયા મોટામાં ઉમિયા માતાજીના મંદિરે કણસાગરા પરિવાર દ્વારા ધજા ચડાવાઈ

લીલીયા મોટા,તા.૧૯

લીલીયા મોટા ગામે ઉમિયા માતાજીના મંદિરે અનિડા ગામના વતની અને કુંકાવાવ-વડીયાના માજી ધારાસભ્ય ઝીણાભાઈ કણસાગરાના પુત્ર મગનભાઈ કણસાગરા હાલ રાજકોટ તરફથી રવિવારે ધજા ચડાવવાનો કાર્યક્રમ રાખેલ હતો. આ તકે તેમના અમેરિકાવાસી પૌત્ર ડો. ધર્મિન કણસાગરા ઉપસ્થિત રહેલ અને બપોરે ભોજન પ્રસાદ શાંતાબેન મગનભાઈ કણસાગરા તરફથી



રાખવામાં આવેલ. આ તકે ઉમિયા મંદિરના ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા, લીલીયા તાલુકા ડાયમંડ પ્રમુખ ભુપતભાઈ ધામત, ઉમિયા એજ્યુકેશન પ્રમુખ ભરતભાઈ શેખલીયા, મંદિરના ટ્રસ્ટી વશરામભાઈ ધામત, બાબુભાઈ ધામત, બટુકભાઈ સોળીયા, દામજીભાઈ ધામત તથા તમામ ટ્રસ્ટીઓ, મોટી સંખ્યામાં પાટીદાર ભાઈઓ તથા બહેનોએ આ ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપેલ હતી.

તંત્રી લેખ

# રાષ્ટ્ર વિરોધી દેશોને સીધા દોર કરવાનું અભિયાન

પાકિસ્તાનની મદદે આવેલા તુર્કસ્તાન પર ભારતે વગર યુદ્ધે આકરા એક્શન લીધા છે. ભારતના લોકોએ આ બંને દેશો સાથેના વ્યવહારો ખતમ કર્યા છે. અઝરબૈજાન પર પણ ભારત સરકારે એક્શન લીધા હવે બાંગ્લાદેશનો વારો છે. ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે પાકિસ્તાનને સીધું દોર કરી નાખ્યું પરંતુ તેની ભારત વિરોધી હરકતો ચાલુ છે. તેને સપોર્ટ આપનાર તુર્કી અને અઝરબૈજાન પર ભારતે જે કાર્યવાહી કરી તેનાથી તે લોકોને લાગ્યું કે પાકિસ્તાનને મદદ કરી એ મોટી ભૂલ હતી એ ભૂલને પરિણામે અત્યારે આ બંને દેશના અર્થતંત્ર ખળભળી ઊઠે એટલી મોટી ઈકોનોમિકલ સ્ટ્રાઈક ભારતે કરી નાખી અને આ દેશોને અબજો રૂપિયાનું હાલ નુકસાન થઈ રહ્યું છે. ઓપરેશન સિંદૂર સમાપ્ત નથી થયું તે જાણીને પાકિસ્તાન ટેન્શનમાં છે. માત્ર પાકિસ્તાન નહીં બાંગ્લાદેશ પણ ટેન્શનમાં આવી ગયું છે કારણ કે બાંગ્લાદેશ પાકિસ્તાનની ખુલ્લેઆમ તરફદારી કરે છે. પાકિસ્તાનનું યુદ્ધજહાજ બાંગ્લાદેશ ગયું તો તેને ગંભીર નોંધ ભારતે લીધી છે. આતંકવાદના અડ્ડાઓ બાંગ્લાદેશમાં કાર્યરત થઈ રહ્યા છે તે ભારત બરાબર જાણે છે આથી હવે પછીનો વારો બાંગ્લાદેશનો છે કારણ કે બાંગ્લાદેશે જે નમકહરામી કરી છે તેનો જોટો જડે તેમ નથી. ૧૯૭૧માં બાંગ્લાદેશને આઝાદી અપાવવામાં ભારતે સૌથી મોટી ભૂમિકા ભજવી એ ભિખારીઓ પાસે પેટ ભરવાના પણ પૈસા નહોતા ત્યારે ભારતની જનતાએ રેફ્યુજી ટેક્સ સહન કરીને માનવતાને નાતે એ લોકોને અનાજ સહિતની મદદ પૂરી પાડી. હવે એ જ લોકો ભારતીય સમુદાયના હિન્દુ ઉપર બેફામ અત્યાચારો કરી રહ્યા છે તે બાબત ભારત સરકાર બરાબર જાણે છે. બાંગ્લાદેશમાં આતંકી અડ્ડાઓ અને ભારત વિરોધી કાર્યવાહી મોટા પ્રમાણમાં ચાલી રહી છે તે બાબતની ઊંડી તપાસ પણ ભારત સરકાર દ્વારા ચાલી રહી છે અને આ અંગે પણ એક્શન લેવાય તેવું બની શકે. બાંગ્લાદેશની વર્તમાન સ્થિતિ જાણવી જરૂરી છે. બાંગ્લાદેશમાં રાજકીય સંકટ વધુ ઘેરું બની રહ્યું છે. સેના સમર્થિત યુનુસ સરકારે શેખ હસીનાની અવામી લીગ પર પ્રતિબંધ મૂક્યો છે જેનાથી પાર્ટીના મૂળ હચમચી ગયા છે. આ પાર્ટીની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યા બાદ તેના વરિષ્ઠ નેતાઓ વિદેશમાં આશ્રય લઈ રહ્યા છે જ્યારે પાયાના કાર્યકરો ધરપકડના ડરથી ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ૧૯૭૦માં પાકિસ્તાનમાં યોજાયેલી ચૂંટણીમાં ૯૦% થી વધુ સમર્થન મેળવનાર અવામી લીગ આજે બાંગ્લાદેશમાં પોતાની ઓળખ બચાવવા માટે સંઘર્ષ કરી રહી છે. બીજી તરફ વિરોધ પક્ષ બીએનપી પણ ગંભીર મુશ્કેલીમાં છે. ૮૦ વર્ષીય પૂર્વ પીએમ ખાલિદા ઝિયા સ્વાસ્થ્ય સમસ્યાઓના કારણે રાજકારણમાં સક્રિય નથી. તેમના પુત્ર અને દેશનિકાલ કરાયેલા નેતા તારિક રહેમાન દેશમાં પાછા ફરી શકતા નથી. આવી સ્થિતિમાં બીએનપીના કાર્યકરો હતાશ છે. તે જ સમયે સેના અને સરકાર સમર્થિત વિદ્યાર્થી સંગઠન એનસીપી (નેશનલ સિટીઝન પાર્ટી) સંપૂર્ણ ઉત્સાહ સાથે ચૂંટણીની તૈયારી કરી રહી છે. બાંગ્લાદેશની ગેરકાનૂની સરકારે અવામી લીગ સામે કાર્યવાહી તેજ કરી છે, ૧૨ હજારથી વધુ લોકોની ધરપકડ કરી છે. બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર દ્વારા અવામી લીગ સામે મોટા પાયે કાર્યવાહી ચાલુ છે. ૧૨ મે ૨૦૨૫ના રોજ સરકારે અવામી લીગની તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો અને ચૂંટણી પંચે પાર્ટીની નોંધણી સ્થગિત કરી જેનાથી પાર્ટી આગામી ચૂંટણીઓમાં ભાગ લઈ શકતી નથી. સરકાર વિરોધને નબળો બનાવી રહી છે. બીએનપી યુનિવર્સિટીમાં બીએનપી અને એનસીપી વિદ્યાર્થી સંગઠનો વચ્ચે અથડામણના અહેવાલો છે.

# વિદેશી એઆઈ ટેકનોલોજી વિશ્વાસપાત્ર નથી

એઆઈ ટેકનોલોજીના અગણિત ટૂલ અત્યારે અસ્તિત્વમાં છે. સૂરજ ઉગે અને આથમે જ્યાં સુધીમાં આવા અનેક ટૂલ્સ અસ્તિત્વમાં આવે છે. આ તમામ ટૂલ્સ ભલે આપણા માટે ચમત્કારિક કહી શકાય તેટલી ઝડપથી કામ કરતા હોય તો પણ તે વિશ્વાસપાત્ર એટલા માટે નથી કે તેની અંદર જે કન્ટેન્ટ છે તે વિદેશી છે, ભારતીય નથી. આથી આ વસ્તુ જો સ્વદેશી હોય તો તેની સાથે ખૂબ સારી રીતે કાર્ય થઈ શકે. જે લોકો એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે તેને એલેક્સા વિશે જાણકારી હોય છે. એલેક્સાને તમે જે પૂછો તેનો જવાબ તે બોલીને આપે છે મતલબ કે તે વોઈસ આસિસ્ટન્ટ છે. જેવી રીતે તમે **google** ને પૂછો છો અને **google** બોલીને તમને જવાબ આપે છે તેવી આ સિસ્ટમ છે પણ **google** કરતા અલગ છે. એઆઈ ટેકનોલોજીનો સૌથી મોટો ગેરફાયદો એ છે કે તેના જે સંદર્ભો છે તે મોટાભાગે યુરોપ, અમેરિકાના કન્ટેન્ટ પર આધારિત છે. તમે તેને ભારતીય ભાષામાં પૂછો અને જો બોલવામાં થોડી ભૂલ થાય તો તે ભળતા જવાબ આપે છે. અમુક પ્રકારના એઆઈ ટૂલ ભારતની સંસ્કૃતિ વિશે કશું જ જ્ઞાન ધરાવતા નથી આ બાબતમાં તે કંઈ જવાબ આપી શકે નહીં અથવા તો તેના જે જવાબો હોય છે તે માત્ર યુરોપ અને અમેરિકાના કન્ટેન્ટ મુજબ હોય છે. પૂર્વગ્રહ યુક્ત હોય છે આથી એઆઈ ટેકનોલોજીના ટૂલ પર આંધળો વિશ્વાસ કરવા જેવું નથી. જે લોકો એઆઈ ટેકનોલોજીના ગુણગાન ગાતા થાકતા નથી તે લોકોએ આ વાતને બરોબર સમજવી જરૂરી છે. માની લો કે તમે તેને કહો કે દિવાળીબેન ભીલના ભજનોમાંથી શ્રેષ્ઠ ભજન સંભળાવો તો તે કોઈ ઈંગ્લિશ ટ્યુન સંભળાવી શકે છે! **google** ટ્રાન્સલેટને પ્રાસંગિક શબ્દ કહો તો તે પ્રા સંગીત લખશે. પછી જેટલી વાર બોલશો તો એનો એ શબ્દ રિપિટ લખશે. અન્ય એઆઈ ટૂલ માની ન શકાય તેવા ગરબડ ગોટાળા કરે છે. અમુક એઆઈ ટૂલ એટલા ગરબડ ગોટાળા કરે છે જેનો જોટો જડે એમ નથી. જોકે અમુક ટૂલનું કામ પરફેક્ટ હોય છે.

દાખલા તરીકે ગૂગલ જૈમીની તથા ચેટજીપીટી ગુજરાતી ભાષામાં પણ જવાબ આપે છે અને તે સ્પષ્ટ હોય છે. આ સિવાયના બીજા હજારો ટૂલ છે જે વિશ્વાસપાત્ર નથી. અમુક એઆઈ ટૂલ એવા છે જે તમારા મોબાઈલને હેક કરી શકે છે. એ સિવાય બીજા અનેક જોખમો આ ટેકનોલોજી સાથે સંકળાયેલા છે જે મોટાભાગના લોકો જાણતા નથી.

ભારતીય યુઝર્સને સંપૂર્ણપણે ઓળખવા કે તેમને સમજવામાં નિષ્ફળ એઆઈ સિસ્ટમ આજે સામાન્ય વાત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) એક ટેક્નોલોજી છે, જે મશીન લર્નિંગ ડેટામાંથી શીખે છે અને નિર્ણય લે છે. જોકે, અનેકવાર એઆઈ સિસ્ટમ પક્ષપાતભર્યા નિર્ણય લે છે અને પોતાનાં પૂર્વગ્રહોની




સાથે સમસ્યા પેદા કરી શકે છે. સાથે જ એઆઈ એથિક્સનો ઉદ્દેશ્ય નિષ્પક્ષ, સલામત અને લોકોના અધિકારોનું સન્માન કરતી ટેક્નોલોજીના નિર્માણનો છે. પરંતુ એઆઈ જ્યારે સહુ માટે સમાન રીતે કામ કરતી નથી તો સમસ્યાઓ પેદા થઈ શકે છે, ખાસ કરીને ભારત જેવા વિવિધતાપૂર્ણ દેશમાં.

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

જ્યારે 'સ્ટેબલ ડિફ્યુઝન એક્સએલ' (શબ્દો વડે તસવીર બનાવતું એઆઈ મોડલ) દ્વારા કેટલીક તસવીરો તૈયાર કરી તો ભારતીય સંદર્ભમાં તેમાં સ્પષ્ટ ભેદભાવ જોવા મળ્યા. આ પ્રકારના પૂર્વગ્રહોના મૂળમાં હકીકતમાં એઆઈ મોડલના પ્રશિક્ષણમાં ઉપયોગ થયેલો ડેટા છે, જે મોટાભાગે અંગ્રેજીમાં છે અને ઈન્ટરનેટ પર ઉપલબ્ધ સામગ્રીમાંથી લેવાયો છે, જેમાં અમેરિકન દૃષ્ટિકોણ પ્રભાવી છે. એઆઈ મોડલ્સ ડેટા પર આધારિત છે, એટલે ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ ડેટાનો સાવચેતીપૂર્વક ઉપયોગ જરૂરી છે. પશ્ચિમના દેશોમાં તૈયાર કરાયેલા એઆઈ મોડલ્સ હંમેશા ભારતીય સંસ્કૃતિ, ભાષાકિય અને સામાજિક-આર્થિક વિવિધતા માટે જવાબદાર હોતા નથી, જેનાથી તેમની અસરકારકતા પણ ઓછી થઈ જાય છે. યુનિવર્સિટી ઓફ કોપેનહેગનના તાજેતરના રિસર્ચમાં જોવા મળ્યું છે કે, ચેટજીપીટીને જ્યારે બીજા દેશો અને સંસ્કૃતિઓ અંગે પૂછવામાં આવે છે ત્યારે પણ તે મુખ્યત્વે અમેરિકન માપદંડ અને મૂલ્યો દર્શાવવાની સાથે તેને પ્રોત્સાહન આપે છે.

ભારતમાં સહુને સાથે લઈને ચાલતી સર્વસમાવેશક એઆઈ તૈયાર કરવી એટલા માટે પણ અઘરું છે, કેમકે દેશનો રાજકીય અને સાંસ્કૃતિક દાયરો અત્યંત જટિલ છે, જેમાં ૨૨ આધિકારીક ભાષાઓ અને ૧૬૫૨થી વધુ માતૃભાષાઓ છે. એક આર્ટિકલમાં જોવા મળ્યું છે કે, ચેટજીપીટી જેવી કેટલીક ટેક કંપનીઓ વિવાદોના ડરથી ભારતમાં એઆઈ ટેક્નોલોજી સ્વીકારવામાં ખચકાઈ રહી છે. જેના કારણે દેશમાં ઈનોવેશન અને ફાયદાકારક એઆઈ ટેક્નોલોજીને અપનાવવાની ગતિ ધીમી પડી શકે છે. વળી ગ્રામીણ ભારતમાં તેને અપનાવવાની વાત આવે તો એઆઈ આધારિત અનુવાદ પદ્ધતિ અંગ્રેજી-કેન્દ્રિત ડેટા પર પ્રશિક્ષિત હોવાને લીધે પ્રાસંગિક અને બોલચાલના અનુવાદોની સાથે સંઘર્ષ કરે છે. જોકે, તેનાથી એઆઈ મોડલ્સને પોતાની ગતિમાં ફરક પડ્યો નથી. આઈબીએમના ૨૦૨૪ના રિપોર્ટ મુજબ ૫૮ ટકા ભારતીય કંપનીઓએ પહેલાથી જ એઆઈ લાગુ કરી દીધું છે.

પશ્ચિમી મોડલ જે જટિલ સમસ્યાઓની ઓળખ કરવામાં નિષ્ફળ રહ્યું છે, તેને જોતાં આપણે જોવું જોઈએ કે, શું એઆઈના ફાયદા તમામ ભારતીયોને સમાન રીતે મળી રહ્યા છે. એઆઈના સાચા અર્થમાં લોકશાહી ઉપયોગ માટે સમુદાયોને સશક્ત કરવાની જરૂર છે. ડિઝાઈનમાં માનવ કેન્દ્રિત રણનીતિ માટે સાથે મળીને કામ કરવું પડશે, જેમાં ટેક્નોલોજીના જાણકારોની સાથે ડોમેન વિશેષજ્ઞ, સમુદાયના લોકો પણ હોય. 'એઆઈ ફોર ભારત', 'કલેક્ટિવ ઈન્ટેલિજન્સ પ્રોજેક્ટ' જેવી પહેલ તેનાં ઉદાહરણ છે. 'એઆઈ ફોર ભારત' ભારતીય ભાષાઓ માટે ડેટાસેટ અને ભાષાનું મોડલ વિકસિત કરે છે, જ્યારે કલેક્ટિવ ઈન્ટેલિજન્સ લોકશાહી પ્રક્રિયાઓના માધ્યમથી એઆઈમાં સમુદાયિક લક્ષ્યોને સામેલ કરે છે.

આ પડકારો પર સક્રિયતાથી કામ કરવામાં આવે તો ભારત પણ પોતાની એઆઈ સિસ્ટમ તૈયાર કરી શકે છે. આ માટે આપણા દેશે સ્વદેશી એઆઈ ટૂલ તૈયાર કરવું જોઈએ. વિદેશમાં તૈયાર થયેલા એઆઈ ટૂલમાંથી અમુક અપવાદોને બાદ કરતા મોટાભાગના એઆઈ ટૂલ વિશ્વાસપાત્ર નથી તેઓ ખોટી માહિતી તમારી સમક્ષ રજૂ કરે છે. તે પોતે કોઈ ડેટા જનરેટ કરતું નથી પરંતુ જે ડેટા સર્વરમાં હોય છે તેનું સંકલન કરીને તમારી સામે રજૂ કરે છે. આમાં જો ખોટી માહિતી હોય તો તે તમને ગેરમાર્ગે દોરે છે. ફોરવ્હીલનું ડ્રાઈવિંગ કરતી વખતે જો ઈન્ટરનેટના નકશા મુજબ વાહન ચલાવવામાં આવે તો ઘણી વખત આ નકશો તમને હાઈવે બતાવે પરંતુ ૨૪ કલાક અગાઉ કોઈએ ડાયવર્ઝન કાઢ્યું હોય તો તે નકશામાં હોતું નથી આથી તમારું વાહન ખરાબે ચડી શકે છે અથવા તો ખોટા રસ્તે જઈ શકે છે. આના કરતા અનુભવી ડ્રાઈવર વધારે સારી રીતે અને ઝડપથી તમને તમારા મુકામ પર પહોંચાડે છે. બાકી ટેકનોલોજી શ્રેષ્ઠ વસ્તુ છે પરંતુ સર્વોત્તમ વિશ્વાસને પાત્ર ગણી શકાય નહીં.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૫૨૯ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૫૪૨ |
| ઘઉં ટુકડા | ૪૯૮ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૮૭૧ |
| તુવેર | ૧૧૯૦ | ૧૪૦૩ |
| ચણા પીળા | ૯૬૩ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૦૩૨ |
| અડદ | ૧૧૭૦ | ૧૫૫૪ |
| મગ | ૧૪૨૧ | ૧૯૨૫ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૨૨૨ |
| ચોળી | ૧૪૫૦ | ૧૮૧૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૮૫૦ | ૧૦૦૦ |
| રાજમા | ૭૦૦ | ૧૩૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૧૦ |
| મગફળી જાડી | ૯૬૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૪૬૫ |
| તલી | ૧૨૦૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૦૭૫ | ૧૨૧૮ |
| અજમો | ૧૨૩૦ | ૨૦૦૧ |
| સુવા | ૧૩૦૦ | ૧૪૨૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૮૦૬ | ૧૭૭૧ |
| ધાણા | ૧૧૮૦ | ૧૫૧૫ |
| મરચા સુકા | ૭૫૦ | ૧૫૦૦ |
| ધાણી | ૧૨૨૦ | ૧૫૮૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૧૧૨ |
| રાય | ૧૦૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૧૦ | ૧૨૪૦ |
| ઇસબગુલ | ૧૨૧૦ | ૧૫૦૦ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૦૭૫ | ૩૯૩૧ |
| રાયડો | ૯૭૦ | ૧૦૮૦ |
| રજકાનું બી | ૩૮૦૦ | ૪૩૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૭૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૪૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૨૩૦ |
| તરબુચ | ૧૨૦ | ૨૩૦ |
| બટેટા | ૧૬૦ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૨૧૫ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૮૦ |
| કોબીજ | ૫૦ | ૮૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૪૦ | ૩૬૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૪૨૦ |
| ટીંડોળા | ૪૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૫૦ | ૧૨૦ |
| કારેલા | ૨૪૦ | ૪૬૦ |
| સરગવો | ૨૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૬૫૦ |

| | | |
|---|---|---|
| પરવર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૫૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૨૦ |
| મેથી | ૩૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૨૫૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૨૬૦ |
| ગુંદા | ૩૫૦ | ૫૩૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૩૮ | ૧૦૩૨ |
| ગીરનાર શીંગ | ૧૦૦૦ | ૧૦૧૮ |
| શિંગ મોટી | ૮૦૬ | ૧૦૮૪ |
| શિંગ ફાડા | ૧૦૫૧ | ૧૩૬૪ |
| તલ સફેદ | ૧૨૭૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૪૧૦ | ૩૯૦૧ |
| તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૦૯૨ |
| બાજરો | ૨૫૦ | ૬૫૯ |
| જુવાર | ૨૭૭ | ૭૫૦ |
| ઘઉં ટુકડા | ૪૨૬ | ૫૯૩ |
| ઘઉં લોકવન | ૪૧૭ | ૫૩૩ |
| મકાઈ | ૨૦૦ | ૨૦૦ |
| મગ | ૧૨૧૦ | ૧૬૪૫ |
| ચણા | ૮૪૫ | ૧૦૭૯ |
| સફેદ ચણા | ૧૦૬૯ | ૧૦૭૯ |
| છોલે ચણા | ૧૨૪૦ | ૧૮૧૫ |
| તુવેર | ૬૭૦ | ૧૩૪૨ |
| કપાસ | ૭૫૦ | ૧૫૭૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૧૦ |
| જીરૂ | ૨૪૦૦ | ૩૮૦૦ |
| રાયડો | ૯૭૦ | ૧૦૨૬ |
| ધાણા | ૧૦૯૦ | ૧૩૨૫ |
| ધાણી | ૧૦૬૦ | ૧૬૫૦ |
| અજમા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૬૦૦ | ૯૦૨ |
| સોયાબીન | ૬૭૦ | ૮૧૩ |
| કાંગ | ૪૫૫ | ૫૪૧ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દુધી | ૫૦ | ૧૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલાં | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૬૦૦ |
| પાકી કેરી | ૬૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |

| | | |
|---|---|---|
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| મરચાં લીલાં | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીબું | ૮૦૦ | ૧૨૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૧૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૪૬ |
| મગફળી જીણી | ૮૬૧ | ૧૫૧૬ |
| સિંગદાણા જાડા | ૧૧૮૧ | ૧૬૪૧ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૯૦૧ | ૧૨૩૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૮૧ |
| ક્લંજી | ૧૪૫૧ | ૩૮૭૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૨૪૫૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૩૬૧ |
| ડુંગળી લાલ | ૧૬ | ૨૧૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૪૬૧ |
| મઠ | ૭૨૬ | ૭૯૧ |
| તુવેર | ૧૦૧૧ | ૧૪૩૧ |
| રાય | ૪૦૧ | ૧૦૭૧ |
| મેથી | ૪૦૦ | ૧૦૪૧ |
| સુવાદાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| કાંગ | ૨૫૧ | ૬૨૧ |
| મરચા | ૨૦૧ | ૧૬૫૧ |
| ગુવાર બી | ૮૩૧ | ૮૩૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૩૪૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૩૭૬ |
| મગફળી નવી | ૮૮૧ | ૧૪૬૧ |
| ધાણી | ૯૦૧ | ૧૫૦૧ |
| મરચા સૂકા ઘોલર | ૪૦૧ | ૨૯૦૧ |
| બાજરો | ૪૦૧ | ૪૩૧ |
| જુવાર | ૩૯૧ | ૭૨૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૫૧ |
| મગ | ૧૫૧૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૮૧ |
| વાલ | ૮૫૧ | ૧૨૭૬ |
| ચોળા / ચોળી | ૯૭૬ | ૧૪૨૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૧૧૧ |
| વટાણા | ૧૪૦૧ | ૧૪૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૨૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૫૦ | ૩૦૦ |
| દુધી | ૨૦ | ૨૫૦ |
| ફ્લાવર | ૧૮૦ | ૫૦૦ |
| કાકડી | ૧૬૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦ | ૪૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૬ |
| કોથમીર પુરા | ૨ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૩૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૭ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૮૦૦ | ૧૪૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૧૪૦ |
| લસણ પુરા | ૧૫ | ૨૫ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **ધારી** | | |
| મગફળી | ૮૦૦ | ૧૧૦૧ |
| ઘઉં લોકવન | ૪૯૬ | ૪૯૬ |
| ચણા | ૧૦૩૫ | ૧૦૫૯ |
| સ. ચણા | ૧૧૨૬ | ૧૧૨૬ |
| તુવેર | ૧૧૫૦ | ૧૩૧૧ |
| ધાણા | ૧૦૫૦ | ૧૦૭૦ |
| એરંડા | ૯૮૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૬૫૫ | ૭૬૧ |
| શીગ દાણા | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ફાડા | ૧૧૨૫ | ૧૨૮૦ |
| તુવેર | ૧૨૦૧ | ૧૨૫૦ |
| મેથી | ૮૦૧ | ૮૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૪૮૬ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૦ |
| એરંડા | ૧૦૪૫ | ૧૧૫૬ |
| ધાણા | ૮૦૦ | ૯૧૦ |
| શીંગફાડા | ૧૧૨૦ | ૧૧૯૦ |
| મગફળી | ૮૪૦ | ૯૦૦ |
| તુવેર | ૧૨૮૫ | ૧૩૩૦ |
| સોયાબીન | ૭૩૦ | ૭૮૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૫૦ |
| લસણ | ૭૧૦ | ૭૧૦ |
| રાય | ૧૦૧૦ | ૧૦૧૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૫૦ |

| | | |
|---|---|---|
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૯૦ |
| મગફળી જી ૨૦ | ૯૮૯ | ૧૦૨૧ |
| જીરૂ | ૩૭૩૦ | ૩૯૮૦ |
| ઘઉં | ૪૭૨ | ૫૨૮ |
| તલ સફેદ | ૧૮૪૦ | ૨૦૪૦ |
| ચણા | ૧૦૬૨ | ૧૦૮૮ |
| એરંડા | ૧૦૫૮ | ૧૧૫૨ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| શીંગ મોટી | ૯૮૦ | ૧૦૯૦ |
| શીંગ નવી | ૧૦૦૦ | ૧૧૯૪ |
| શીગ દાણા | ૧૧૦૦ | ૧૩૫૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૬૦ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૭૪૦ |
| જીરૂ | ૩૭૧૦ | ૪૧૬૧ |
| કપાસ | ૧૩૭૦ | ૧૫૧૭ |
| ઘઉ લોકવન | ૪૫૦ | ૫૫૧ |
| ઘઉ ટુકડા | ૫૦૫ | ૫૯૧ |
| બાજરો | ૩૦૦ | ૫૫૦ |
| જુવાર | ૪૦૫ | ૭૪૦ |
| મકાઈ | ૪૦૦ | ૬૧૦ |
| મગ | ૧૦૫૦ | ૧૫૫૧ |
| ચણા | ૧૦૬૧ | ૧૧૦૫ |
| દેશી ચણા | ૧૦૨૨ | ૧૨૩૩ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૪૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૯૪ |
| મેથી | ૮૨૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૬૬ |
| સોયાબીન | ૭૧૦ | ૭૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૭૮ | ૧૦૯૯ |
| મગફળી ૩૨ નં | ૯૭૦ | ૧૧૧૪ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૬૨૨ |
| ઘઉં | ૪૫૦ | ૫૫૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૦૩ |
| રાયડો | ૯૫૦ | ૧૦૨૯ |
| જુવાર | ૬૦૦ | ૮૨૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૮૧૫ |
| અડદ | ૧૩૫૦ | ૧૬૦૬ |
| મગ | ૧૨૧૦ | ૧૯૫૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૦૬૪ |
| સફેદ તલ | ૧૨૦૦ | ૧૯૪૫ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૬૩૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૩ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૧૦ |
| સીંગદાણા | ૧૨૫૦ | ૧૮૯૫ |
| કાંગ | ૩૦૦ | ૪૨૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૫૫૩ | ૨૦૭૧ |
| તલ કાળા | ૩૪૦૦ | ૩૫૭૧ |
| તલ પીળા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| કપાસ | ૧૧૦૧ | ૧૫૨૧ |
| બાજરો | ૩૬૪ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૩૬ | ૫૬૧ |
| જુવાર | ૫૦૦ | ૯૧૧ |
| મગ | ૧૪૨૫ | ૧૪૫૫ |
| અડદ | ૧૮૫૧ | ૧૮૫૧ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૯૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૪૦૦ |
| સોયાબીન | ૭૩૪ | ૭૩૪ |
| એરંડી | ૧૧૪૫ | ૧૧૪૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૧૦ | ૭૮૦ |
| બાજરો | ૨૧૦ | ૫૬૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૫ |
| મગ | ૧૦૦૦ | ૧૭૮૦ |
| અડદ | ૬૦૦ | ૧૬૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ચોળી | ૧૦૦૦ | ૧૮૭૫ |
| વાલ | ૨૫૦ | ૯૩૫ |
| મેથી | ૮૫૦ | ૧૦૬૮ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૭૬ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૧૯૬૫ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૩૫ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૦૧૫ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૨૮ |
| રાયડો | ૯૦૦ | ૧૦૪૯ |
| રાઈ | ૧૦૦૦ | ૧૨૯૨ |
| લસણ | ૫૦૦ | ૧૨૫૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૪૫ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી | ૯૦ | ૧૭૦ |
| મરચા | ૪૦૦ | ૧૬૫૧ |
| સોયાબીન | ૪૦૦ | ૭૨૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૬૦૫ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૬૬ | ૧૨૭૦ |
| શીંગ ૩૨ | ૯૨૨ | ૧૧૪૩ |
| શીંગ જી-૨૦ | ૯૩૧ | ૧૦૩૫ |
| એરંડા | ૮૯૫ | ૧૧૯૧ |
| જુવાર | ૩૪૧ | ૮૨૫ |
| બાજરી | ૩૦૦ | ૬૩૧ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૯૧ |
| અડદ | ૭૧૦ | ૧૩૭૬ |
| મગ | ૬૦૬ | ૧૬૮૩ |
| મેથી | ૩૯૦ | ૭૦૦ |
| સોયાબીન | ૭૨૫ | ૭૫૦ |
| ચણા | ૯૧૦ | ૧૦૭૯ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૨૨૨૨ |
| તલ કાળા | ૧૮૦૭ | ૩૭૯૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૨૫ |
| જીરૂ | ૧૧૫૦ | ૩૨૦૦ |
| ડુંગળી લાલ | ૩૯ | ૩૦૩ |
| ડુંગળી સફેદ | ૧૨ | ૧૭૦ |
| નાળીયેર | ૮૩૫ | ૨૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૧ |
| મગ | ૯૦૦ | ૧૪૯૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૮૫૧ | ૧૩૬૧ |
| મગફળી | ૭૦૦ | ૯૯૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૧૮૮૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૬૬ |
| સોયાબીન | ૬૦૦ | ૭૮૬ |

## શબ્દ સંજોગ-૨૦૦૩



**આડી ચાવી :**
(૧) પ્રાગટય, ઉદ્ભવ (૩)
(૩) પાંચ પાંડવોમાંના એક (૨)
(૫) પિતાના નાના ભાઈ (૨)
(૬) એક રકમ (૨)
(૭) હેરાનગતિ પામેલું, કંટાળેલું (૩)
(૮) નરાશ, કોશ (૨)
(૯) સરખું, સમાન (૨)
(૧૧) પેટમાનું મોટું આંતરડું (૨)
(૧૩) ને, તથા (૨)
(૧૫) પાણીના જોરથી ખોદાયેલી જમીન (૩)
(૧૬) ગામ-શહેર-કોટનો બંદોબસ્ત રાખનાર અમલદાર (૪)
(૧૮) હારબંધ એક માલિકનાં ખેતર (૨)
(૧૯) વિના, સિવાય (૩)
(૨૦) કસ, સત્વ (૨)
(૨૧) સોબત તેવી ...... (૩)
(૨૩) જગત, દુનિયા (૩)
(૨૪) સૂબો, રાજયકર્તા અમલદાર (૩)
(૨૫) વિષ્ણુ, પ્રભુ (૩)
(૨૬) નવલું, આશ્ચર્યકારક (૩)

**ઉભી ચાવી :**
(૧) મથુરાનો એક રાજા (૪)
(૨) અનાથ બાળ (૩)
(૪) શંકર ભગવાનનું એક નામ (૩)
(૫) એક ઓજાર (૩)
(૮) પાસે (૨)
(૧૦) હંસ (૩)
(૧૨) કાચ કે પથ્થરની નાની ગોળી (૩)
(૧૩) વરની સાથેનો કોઈ એકાએક પરણે તે (૪)
(૧૪) થપાટ, ધબ્બો (૨)
(૧૬) વસ્તુનો છેડો, કિનાર (૨)
(૧૭) કાગડો (૩)
(૧૮) જેમાં પાન ખરે કે ગરે છે એ ઋતુ (૪)
(૨૦) ખાંડના પાસાદાર ગાંગડા (૩)
(૨૧) સુખચેન, આરામ (૩)
(૨૨) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૪) નિરાંત, શાંતિ (૨)

## શબ્દ સંજોગ-૨૦૦૨ જવાબ

**આડી ચાવી :** (૧) અડાલી (૩) શમા (૩) કાયો (૬) ધેનુ (૮) રજક (૯) પાડી (૧૦) તિલંગ (૧૨) ડફ (૧૫) શ્રી (૧૬) કજલ (૧૮) રજા (૨૦) સામો (૨૨) રબર (૨૫) સમડી (૨૬) રસીદ (૨૮) દેવદાર (૩૦) પછી (૩૧) શર (૩૨) ગજર (૩૩) ત્રણ.
**ઉભી ચાવી :** (૧) અતિપાતક (૨) લીધે (૪) મારગ (૫) કાકડ (૭) નુતિ (૧૧) લંગાર (૧૩) ફરમો (૧૪) વાલ (૧૭) જતિ (૧૯) જાર (૨૦) સારસી (૨૧) રમરગ (ગરમર) (૨૩) બરછી (૨૪) આદેશ (૨૫) સદા (૨૭) દમણ (૨૯) વર (૩૦) પર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટમાં પશુબલી અટકાવવા જતા વિજ્ઞાન જાથા અને પોલીસ પર સ્થાનિકોનો હુમલો

રાજકોટ,તા.૧૯



રાજકોટમાં અંધશ્રદ્ધા સામે જાગૃતિ લાવવા વિજ્ઞાન જાથા દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવે છે. પશુબલી હોય કે ભૂવાઓના ધતિંગો હોય વિજ્ઞાન જાથા દ્વારા તેનો પર્દાફાશ કરવામાં આવે છે. શહેરમાં કોઠારિયા વિસ્તારમાં નિર્દોષ પશુઓની બલી ચઢાવવામાં આવતી હોવાની માહિતી મળતા વિજ્ઞાન જાથાની ટીમ અને પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને પશુઓને બચાવવાનો પ્રયત્ન કરતાં સ્થાનિકો દ્વારા હુમલો કરાયો હતો. રાજકોટમાં કોઠારિયા વિસ્તારમાં માતાજીના માંડવામાં પશુબલી અટકાવવા જતાં બબાલ થઈ હતી. વિજ્ઞાન જાથાની ટીમ પોલીસ સાથે માતાજીના માંડવે પહોંચીને નિર્દોષ પશુઓને બચાવવા જતાં દેકારો બોલી ગયો હતો. જીવ હિંસા અટકાવવા માટે વિજ્ઞાન જાથાના જયંત પંડ્યા અને પોલીસ કોઠારિયા સોલવન્ટ પાછળ આવેલા વિસ્તારમાં પહોંચ્યા હતાં. જ્યાં સાતેક પશુઓની બલી ચઢાવવાની તૈયારી કરાઈ હતી. આ દરમિયાન સ્થાનિકો દ્વારા વિજ્ઞાન જાથા અને પોલીસ પર હુમલાનો નિષ્ફળ પ્રયાસ કરાયો હતો. પશુઓને બચાવવા જતાં મોટી બબાલ થઈ હતી. પોલીસ પર એટેક થતાં મામલો બિચક્યો હતો. પોલીસે આ ઘટનામાં ૬થી વધુ આરોપીને ઝડપી લીધા હતાં.

# ખોડલધામના વૈદિક વિવાહમાં પ્રેરણાદાયી સંયોગ : પુત્રના નિધન બાદ પિતાએ પુત્રવધૂનું કર્યું કન્યાદાન

રાજકોટ,તા.૧૯



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા પ્રેરણાદાયી સેવા, જેમાં દીકરાના નિધન બાદ પિતાએ પોતાની પુત્રવધૂને અન્ય જગ્યાએ પરણાવીને કન્યાદાન કર્યું, અને સમાજને એક નવી દિશા ચીંધી છે. જામનગર જિલ્લાના અમરાપર ગામના નારણભાઈ ઘાડિયાના પુત્ર અંકિતભાઈ ઘાડિયાનાં અવસાન બાદ, નારણભાઈ ઘાડિયાએ પોતાની પુત્રવધૂ જાગૃતિબેનનું અન્ય જગ્યાએ લગ્ન કરાવવાનું નક્કી કર્યું હતું. આ પ્રસંગે, જાગૃતિબેનના પિતા મેઘજીભાઈ સંઘાણી અને તેમના સસરા નારણભાઈ ઘાડિયાએ કન્યાદાન કરીને કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામના રમેશભાઈ ભીખાભાઈ વાડોદરિયાના પુત્ર જયદીપકુમાર વાડોદરિયા સાથે જાગૃતિબેનના લગ્ન કરાવ્યા હતા.

આ વૈદિક વિવાહ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના માનદ મંત્રી જીતુભાઈ વસોયા અને ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયાએ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા અને પરિવારના આ અનુકરણીય પગલાંને બિરદાવ્યું હતું. રાજકોટના જે.પી. જ્વેલ્સના માલિક જીજ્ઞેશભાઈ પટોડીયા દ્વારા વૈદિક વિવાહમાં જોડાનાર દરેક કન્યાઓને સોનાની ચૂક ભેટમાં આપવામાં આવી હતી.

# સુરેન્દ્રનગર ખાતે કોળી સમાજના યુવક-યુવતીઓનો વેવિશાળ મેળો યોજાશે

અમરેલી,તા.૧૯

સુરેન્દ્રનગર ખાતે સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોઉત્સુક યુવક/યુવતીઓનો વેવિશાળ મેળો તા.૨૫/૫/૨૦૨૫ ના રોજ યોજાશે. સુરેન્દ્રનગર ખાતે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા લગ્નોત્સુક યુવક/યુવતીઓનો ૭૨મો વેવિશાળ મેળો તા. ૨૫/૫/૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં ૮૮૭ યુવક/યુવતી વિનામૂલ્યે ભાગ લઈ મેળાને સફળ બનાવશે. આ સમારંભમાં પ્રમુખ તરીકે સોમાભાઈ જી.પટેલ રહેશે. સ્થળ સમસ્ત કોળી કન્યા કેળવણી મંડળ રામ રણુજા આશ્રમ પાછળ કોઠારીયા રોડ, મુ.વઢવાણ, સુરેન્દ્રનગર રાખવામાં આવેલ છે. આ સમારંભમાં ભાગ લેવા માગતા યુવક/યુવતીઓ કોળી શક્તિ યુવક મંડળ પ્રમુખ રમુેશભાઈ ગોહિલ મો.૯૩૭૪૭ ૩૪૮૨૦ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# વડીયામાં પશુ હોસ્પિટલ માટે જમીન ફાળવણીમાં તંત્રનું 'ખો-ખો' : પાંચ વર્ષથી વિકાસકાર્ય અધ્ધરતાલ !

અમરેલી,તા.૨૦

અમરેલી જિલ્લાના વડીયામાં આધુનિક પશુ હોસ્પિટલ બનાવવાની યોજના છેલ્લા પાંચ વર્ષથી કાગળ પર જ રહી ગઈ છે. ગ્રામ પંચાયત દ્વારા જમીન ફાળવણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ પણ મહેસૂલ વિભાગના ડીએલઆર અને મહેસૂલ વિભાગ વચ્ચે જાણે 'ખો-ખો'ની રમત ચાલી રહી હોય તેમ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય અટકી પડ્યું છે.

વડીયાને અદ્યતન પશુ હોસ્પિટલ મળે તે માટે પાંચ વર્ષ પહેલાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ગ્રામ પંચાયતે બરવાળા રોડ પર આઈટીઆઈ સામે જમીન ફાળવવા માટેની પ્રક્રિયા પણ હાથ ધરી હતી. જો કે, સ્થાનિક સ્તરે કાર્યવાહી પૂર્ણ થયા બાદ આ ફાઈલ મહેસૂલ વિભાગમાં પહોંચતા છેલ્લા પાંચ વર્ષથી ડીએલઆર અને મહેસૂલ વિભાગ વચ્ચે કોઈ સંકલન જોવા મળતું નથી.

સ્થાનિક પશુ ચિકિત્સકે આ અંગે ત્રણથી ચાર વખત રજૂઆત કરી હોવા છતાં, બંને વિભાગો એકબીજાને જવાબદારી સોંપીને જાણે 'ખો-ખો' રમી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આ વિભાગોની ઢીલી નીતિના કારણે વડીયા વિસ્તારના પશુપાલકો છેલ્લા પાંચ વર્ષથી આ હોસ્પિટલની સુવિધાથી વંચિત રહ્યા છે.

વડીયા વિસ્તારના ચૂંટાયેલા નેતાઓ પણ અવારનવાર અહીંથી પસાર થાય છે, પરંતુ સ્થળ નિરીક્ષણ કર્યા પછી આ પ્રકરણને જાણે ભૂલી ગયા હોય તેવું લાગી રહ્યું છે. બીજી તરફ, સરકારના બે વિભાગો વચ્ચેની આ લડાઈમાં કોઈ સંકલન કરાવનાર કે ધારાસભ્ય સુધી આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રજૂઆત કરનાર વ્યક્તિ જ ન હોવાથી લોકોમાં નિરાશા જોવા મળી રહી છે. હવે જોવાનું એ છે કે શું આ પશુ દવાખાનાની જમીન ફાળવણી અને આધુનિક બિલ્ડિંગ માટે તાત્કાલિક કાર્યવાહી થાય છે કે પછી લોકોનું સાંભળનાર કોઈ નથી તેવી સ્થિતિ યથાવત રહેશે.

# દામનગર-લાઠી વચ્ચેના ખખડધજ રસ્તાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

દામનગર, તા.૧૯



દામનગરથી લાઠી વચ્ચેનો આશરે ૧૬ કિમીનો માર્ગ અત્યંત ખરાબ હાલતમાં છે. રામપર, તાજપર, ભુરખીયા, મેથળી ગામોને જોડતા આ રસ્તા પર મોટા ખાડા અને વળાંકોને લીધે વાહન ચલાવવું મુશ્કેલ બન્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ માર્ગ પરથી પસાર થતા હોવા છતાં તેનું નવીનીકરણ કરવામાં આવતું નથી. રસ્તાની ખરાબ હાલતને કારણે વાહનોને નુકસાન થાય છે અને અકસ્માતોનું જોખમ પણ વધે છે. લોકો આ માર્ગનું તાત્કાલિક નવીનીકરણ કરવાની માંગ કરી રહ્યા છે.

# સા.કુંડલાના મેરિયાણા ગામે ખેડૂતનો પશુપ્રેમ: બળદને સમાધિ આપી

સાવરકુંડલા, તા.૧૯

**બળદને પોતાના ખેતરમાં જ સમાધિ આપી માથે વૃક્ષ વાવી ઉછેરનો સંકલ્પ કર્યો**

સાવરકુંડલાના મેરિયાણા ગામે હિતેશભાઈ ખાતરણીના બળદનું સિંહ દ્વારા મારણ થતાં ખેડૂતને ભારે દુઃખ થયુ હતું. પોતાના પરિવારના સભ્યની જેમ રાખતા બળદને ગુમાવ્યાના સમાચારથી તેઓ ખૂબ જ વ્યથિત થયા હતા. હિતેષભાઈએ પોતાના બળદને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. ખેડૂતે પોતાના ખેતરમાં જ બળદને સમાધિ આપવાનો નિર્ણય લીધો અને સુરતથી પોતાના પરિવારના સભ્યો અને પિતા મનસુખભાઈને બોલાવ્યા હતા. પરિવારના તમામ સભ્યો, સગા-વહાલા અને મિત્રોની હાજરીમાં બળદને સમાધિ આપવામાં આવી હતી. હિતેશભાઈએ પશુ પ્રત્યેનો પ્રેમ પોતાના બાળકોમાં જળવાઈ રહે તે માટે ખાસ તેમને સમાધિ સમયે હાજર રાખ્યા હતા. બળદની યાદમાં તેમણે સમાધિ ઉપર એક વૃક્ષ વાવીને તેને ઉછેરવાનો સંકલ્પ કર્યો છે. પોતાના પશુ પ્રત્યે હિતેષભાઈનો આવો પ્રેમ જોઈ અનેક લોકોની આંખો ભીંજાઈ ગઈ હતી.



# થાનગઢ નજીક અકસ્માત થતા રાજકોટના દંપતીનું મોત

થાનગઢ,તા.૧૯



થાનગઢ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજકોટના દંપતીનું મોત થયું હતું. રાજકોટથી પરિવાર કોઢ ગામે માતાજીના માંડવામાં જઈ રહ્યો હતો. કાર પરથી કાબૂ ગુમાવી દેતા ટ્રેક્ટર અને કાર વચ્ચે અકસ્માતમાં સર્જાયો હતો. જેના લીધે રાજકોટના પ્રેમજીભાઈ અને તેમના ધર્મપત્ની લાભુબેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી દંપતીનું ઘટના સ્થળે જ મોત થયું હતું. થાનગઢ નજીક ટ્રેક્ટર અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે ઘટનામાં ૩ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તમામને સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં દંપતીનું કરુણ મોત નિપજ્યું હતું. સુરેન્દ્રનગરમાં અકસ્માતોનો સિલસિલો હજુ પણ યથાવત્ત હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે અકસ્માતની જાણ થાનગઢ પોલીસને કરવામાં આવી હતી. જે બાદ પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

# જશવંતગઢમાં દેસાઈ પરિવાર દ્વારા સર્વ રોગ નિદાન અને રક્તદાન કેમ્પ યોજાયો








અમરેલી,તા.૧૯

અમરેલી તાલુકાના જશવંતગઢ ગામે સ્વ.કાંતાબેન દેસાઈનાં નિધન બાદ લાલજીભાઈ, ભરતભાઈ, હસુભાઈ દેસાઈ તથા પરિવારજનો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આરોગ્ય વિભાગ અને દેસાઈ પરિવાર દ્વારા સર્વ રોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરાયુ હતું. જેમાં મોટી સંખ્યામાં દર્દીઓની તપાસ અને દવાઓનું વિનામૂલ્યે વિતરણ કરાયુ હતું. રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાન કરવામાં આવ્યુ હતું. જેમાં સરહદ પર ફરજ બજાવતા રાહુલભાઈ દેસાઈ તરફથી તમામ રકતદાતાઓને પક્ષીઘર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે સતાધારના મહંત વિજયબાપુ, ભનુભાઈ દેસાઈ, દકુભાઈ ભુવા, અશોકભાઈ માંગરોળીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલા બાયપાસ પર આરટીઓ કચેરી નજીક પોલીસની ગાડીને નડ્યો અકસ્માત

અમરેલી, તા.૧૯




અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ પર આરટીઓ કચેરી નજીક પોલીસની ગાડીને અકસ્માત નડતા કરાર આધારીત ડ્રાઈવર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. રોડ પર ઉભેલા ટ્રકને પોલીસની ગાડીએ પાછળથી ટક્કર મારી હતી. જેના કારણે ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારી ગાડી મુકીને ફરાર થઈ ગયો હતો તેવું જાણવા મળેલ છે. ઘટનાની જાણ થતા જ સ્થળ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. વાયરલ થયેલ વિડીયોમાં અકસ્માત સમયે ગાડીમાં દારૂની એક બોટલ જોવા મળી હતી.

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૧૨૪/૨૦૨૫

અરજદાર :- દિલીપભાઈ દેવાતભાઈ જાળોધરા,
સરનામું :- રહે.મોટા આગરીયા તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, મોટા આગરીયા
તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામના શ્રી દિલીપભાઈ દેવાતભાઈ જાળોધરા, એ તેમના બેન શ્રી શાંતાબેન દેવતભાઈ જાળોધરાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૪ તથા તેમના ભાણેજ શ્રી કાતરીયા સેવલબેન કિશોરભાઈનો જન્મ તા.૧૭/૦૪/૧૯૯૮ ના રોજ મોટા આગરીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એચ.બી.જાલોધરા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવા અન્યથા યોગ્ય હુક કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૧૭ માહે. મે સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૭/૦૫/૨૦૨૫

(કોર્ટનો સિક્કો)

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# અમરેલીની લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા કોલેજનું M.Sc.(Chem.) સેમ-૪નું ઝળહળતું પરિણામ

**સંકુલ પરિવાર દ્વારા વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવાયા**

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ (સુરત) સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.એસ.સી. મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના M.Sc.(Chem.) સેમ-૪ની પરીક્ષામાં અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી છે. કોલેજનું પરિણામ ૧૦૦% રહ્યું છે, અને તમામ વિદ્યાર્થિનીઓએ ડિસ્ટિંક્શન સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ સિદ્ધિ બદલ કોલેજમાં પ્રથમ ક્રમે ચાવડા પૂજા એ. (૮૩.૧૭%), બીજા ક્રમે રફાળીયા ક્રિષ્ના આર. (૮૦.૦૦%) અને ત્રીજા ક્રમે વાજા અંજલી ડી. (૮૦.૦૦%) રહી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એસ.સી. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટિંક્શન મેળવવા બદલ સંકુલ પરિવારે સ્ટાફ, વિદ્યાર્થીઓ અને રેન્કર્સને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.

## -//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૬૦/૨૦૨૫

અરજદાર :- શ્રી ગોહિલ વિઠ્ઠલભાઈ રાઘવભાઈ
રહે. અમરપુર, વરૂડી તા.જી.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ખીજડીયા રાદડીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમાં અરજદારશ્રી ગોહિલ વિઠ્ઠલભાઈ રાઘવભાઈ તેઓના નાના ભાઈ ગોહિલ મધુભાઈ રાઘવભાઈ ની જન્મ (તા.૧૩/૦૪/૧૯૫૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૧૯/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

સહી
એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# મહારાષ્ટ્રમાં કાર સૂકી નદીમાં પડી જતાં પાંચ લોકોના મોત, બે ઘાયલ

મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લામાંથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં કાર સૂકી નદીમાં પડી જતાં કારમાં મુસાફરી કરી રહેલા ૫ લોકોના મોત થયા છે. આ ઉપરાંત બે લોકો ઘાયલ થયા છે જેમની સારવાર ચાલી રહી છે. પોલીસે કહ્યું છે કે તેઓ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છે. ખરેખર, આ દુઃખદ ઘટના સોમવારે રત્નાગિરી જિલ્લામાં બની હતી. મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલી કાર પાલઘર જિલ્લાના નાલાસોપારાથી દેવરુખ શહેર તરફ જઈ રહી હતી. પોલીસે માહિતી આપી છે કે રત્નાગિરીમાં થયેલા આ અકસ્માતમાં ત્રણ મહિલાઓ અને બે પુરુષોના મોત થયા છે. તે જ સમયે, બે અન્ય લોકો ઘાયલ થયા છે. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખેડ



પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે નદી સુકી હોવાથી કાર પડી અને ખડકો સાથે અથડાઈ. આ કારણે કારમાં સવાર કેટલાક લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. રત્નાગિરીમાં થયેલા આ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોની ઓળખ જાહેર કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ મિતાલી વિવેક મોરે, મેઘા પરાડકર, સૌરભ પરાડકર, નિહાર મોરે અને શ્રેયસ સાવંત તરીકે થઈ છે. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની રત્નાગિરીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# પ્રી-મોન્સૂનના કારણે દેશના ઘણા રાજ્યોમાં હવામાન વિભાગની ભારે વરસાદની ચેતવણી

નવીદિલ્હી,તા.૧૯

દેશના ઘણા રાજ્યોમાં ભીષણ ગરમી પડી રહી છે. આ વખતે ચોમાસુ સમય પહેલા આવી રહ્યું છે. જેના કારણે આ વખતે લોકોને ગરમીથી જલ્દી રાહત મળવાની છે. દેશના ઘણા રાજ્યોમાં પણ પ્રી-મોન્સૂનની અસર દેખાવા લાગી છે. હવામાન વિભાગે જણાવ્યું કે દેશના કયા રાજ્યોમાં પ્રી-મોન્સૂનની અસર જોવા મળી રહી છે. ભારતીય હવામાન



વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આર. કે. જેનામણીએ પ્રી-મોન્સૂન અંગે ખાસ માહિતી આપી છે. તેમણે કહ્યું, 'છેલ્લા કેટલાક દિવસોમાં દ્વીપકલ્પીય ભારતમાં તમિલનાડુ, કર્ણાટક, કેરળના કેટલાક ભાગો અને દક્ષિણ કોંકણ અને ગોવા, તેલંગાણા અને દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશને આવરી લેતા લગભગ દરેક જગ્યાએ ભારે વરસાદ જોવા મળ્યો છે. બેંગલુરુ અને કર્ણાટકના અન્ય ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જ્યાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. આગામી દિવસોમાં ગોવામાં પણ ભારે વરસાદ પડી શકે છે. આ બધી જગ્યાએ ચોમાસા પહેલાનો વરસાદ છે. હવામાનશાસ્ત્રી આર. કે. જેનામણીએ જણાવ્યું હતું કે ૨૦ અને ૨૧ મેના દિવસે કર્ણાટક માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

# રાકેશ ટિકૈતને માથું કાપી જાનથી મારી નાખવાની ધમકી મળી

મુઝફ્ફરનગર,તા.૧૯

ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતને જાનથી મારી નાખવાની ધમકીનો મામલો સામે આવ્યો છે. આને લગતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં, એક વ્યક્તિએ રાકેશ ટિકૈતનું માથું કાપી નાખવા બદલ ઈનામની જાહેરાત કરી છે. આરોપીએ ૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે. વીડિયો વાયરલ થયા બાદ, ભારતીય કિસાન યુનિયનના કાર્યકરો અને રાકેશ ટિકૈતના સમર્થકોએ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ જાની પોલીસ સ્ટેશનનો ઘેરાવ પણ કર્યો, ત્યારબાદ આરોપી અમિત ચૌધરી વિરુદ્ધ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ આશુતોષ કુમાર સિંહે આ મામલે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે વાયરલ વીડિયોમાં, એક વ્યક્તિએ બીકેયુ નેતા રાકેશ ટિકૈતનું માથું કાપી નાખનાર વ્યક્તિને ઈનામની જાહેરાત કરી છે.

# ભારત કોઈ ધર્મશાળા નથી કે દુનિયાભરમાંથી આવીને લોકો અહીં વસી જાય: સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૧૯

શરણાર્થીઓના મુદ્દા પર સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવતા સોમવારે કહ્યું કે, "ભારત કોઈ ધર્મશાળા નથી. દુનિયાભરમાંથી આવેલા લોકોને શરણ આપવાનું કોઈ ઔચિત્ય નથી. ભારત એવા લોકોને શરણ કેમ આપે?" સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, ભારત ૧૪૦ કરોડ લોકો સાથે પહેલાથી સંઘર્ષ કરી રહ્યો છે. દરેક જગ્યાએથી



આવેલા શરણાર્થીઓને શરણ આપવું શક્ય નથી. શરણાર્થીઓને શરણ આપવાની માગવાળી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી.

જસ્ટિસ દીપાંકર દત્તાએ શ્રીલંકાથી આવેલા તમિલ શરણાર્થીઓને ધરપકડમાં લેવાના મામલામાં હસ્તક્ષેપ કરવાની ના પાડતા આ મોટી ટિપ્પણી કરી હતી. શ્રીલંકાના અરજીકર્તા તરફથી આવેલા વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, "તે એક શ્રીલંકન તમિલ છે, જે વિઝા પર અહીં આવ્યો હતો. તેના પોતાના દેશમાં તેને જીવનો ખતરો છે." અરજીકર્તા કોઈ પણ નિર્વાસન પ્રક્રિયા વિના લગભગ ત્રણ વર્ષથી નજરબંધ છે.

# સ્થાનિક રાજકારણને આંતરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ન જોડો : શરદ પવાર

નવી દિલ્હી, તા.૧૯



ઓપરેશન સિંદૂરની સફળતાની ગાથા વિશ્વ સમક્ષ રજૂ કરવા તેમજ પાકિસ્તાનનો પર્દાફાશ કરવા કેન્દ્ર સરકારે ૩૨ દેશોમાં જુદા-જુદા સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાની કવાયતની ટીકા કરતાં સંજય રાઉતને એનસીપી અધ્યક્ષ શરદ પવારે સલાહ આપી છે. પવારે સંજય રાઉતને સ્થાનિક રાજકારણને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ સાથે ન જોડવા અપીલ કરી છે. આ પ્રતિનિધિમંડળમાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદો, પૂર્વ મંત્રી અને રાજદૂત સામેલ છે. એનસીપી અધ્યક્ષ શરદ પવારે સરકારના આ નિર્ણયને આવકાર્યો છે, જ્યારે સંજય રાઉતે સરકારના આ નિર્ણયની ટીકા કરતાં પ્રતિનિધિમંડળની તુલના વરઘોડાના જાનૈયાઓ સાથે કરી હતી. જેનો જવાબ આપતાં પવારે સંજય રાઉતને સલાહ આપી હતી.

# યુ ટ્યુબર જયોતિ મલ્હોત્રાની બીજી આતંકવાદી કડી મળી હોવાનો ખુલાસો

હિસ્સાર,તા.૧૯

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, એક વ્યક્તિ પાકિસ્તાની દૂતાવાસમાં કેક લઈ જતો પકડાયો હતો. તે સમયે, જ્યારે તેને કેક લેવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તે વ્યક્તિ કોઈ જવાબ આપ્યા વિના દૂતાવાસની અંદર ગયો હતો. હવે એક તસવીર સામે આવી છે જેમાં ધરપકડ કરાયેલ યુટ્યુબર જ્યોતિ મલ્હોત્રા તે જ વ્યક્તિ સાથે જોઈ શકાય છે. એવું



પણ કહેવામાં આવી રહ્યું છે કે જ્યારે જ્યોતિ મલ્હોત્રા પાકિસ્તાન ગઈ હતી ત્યારે તેણે તે પાર્ટીનો વીડિયો બનાવ્યો હતો. જ્યોતિ પણ આ જ પાર્ટીમાં આ કેક વેચનારને મળી હતી. તમને જણાવી દઈએ કે પહેલગામ આતંકવાદી હુમલા પછી, દિલ્હીમાં પાકિસ્તાન દૂતાવાસની બહારથી એક ચોંકાવનારી તસવીર સામે આવી હતી. અહીં એક વ્યક્તિ કેક લાવતો જોવા મળ્યો હતો. મીડિયાએ તેમની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમણે કંઈ કહ્યું નહીં. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે માણસ હાથમાં કેક લઈને જતો જોઈ શકાય છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે કેક કેમ લાવ્યો, ત્યારે તેણે કોઈ જવાબ આપ્યો નહીં. ત્યાં હાજર પત્રકારોએ તે માણસને અનેક પ્રશ્નો પૂછ્યા જેમ કે તે કોણ હતો અને કોના માટે કેક લઈ જઈ રહ્યો હતો, શું દૂતાવાસની અંદર કોઈ પાર્ટી ચાલી રહી હતી કે કોણે કેકનો ઓર્ડર આપ્યો હતો. પણ તે વ્યક્તિએ કોઈ જવાબ ન આપ્યો. તે શાંતિથી ફરતો રહ્યો અને પછી દૂતાવાસની અંદર ગયો હતો.

# જો બાઈડેનને કેન્સરનું નિદાન થયા બાદ પીએમ મોદીએ ટ્વિટ કરતા કહ્યું 'આ સાંભળીને મને ખૂબ જ ચિંતા થઈ'

નવીદિલ્હી,તા.૧૯

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનને ઘાતક કેન્સર હોવાનું નિદાન થયું છે. જો બાઈડેનના કાર્યાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, બાઈડેન 'પ્રોસ્ટેટ કેન્સર'થી પીડિત છે. જો બાઈડેન ૮૨ વર્ષના છે અને તેમને મૂત્રાશયની સમસ્યા હતી. ત્યારબાદના પરીક્ષણોમાં તેમના પ્રોસ્ટેટમાં ગાંઠ હોવાનું બહાર



આવ્યું. આ પછી, શુક્રવારે, પુષ્ટિ થઈ કે તેઓ પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત છે. વિશ્વભરના નેતાઓ જો બાઈડેનના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી રહ્યા છે. આ જ ક્રમમાં, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ એક્સ પર જો બાઈડેન માટે એક સંદેશ શેર કર્યો છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રોસ્ટેટ કેન્સરથી પીડિત હોવાનું બહાર આવ્યા બાદ પીએમ મોદીએ તેમના માટે ટ્વિટ કર્યું છે. પીએમ મોદીએ કહ્યું, ×જો બાઈડેનના સ્વાસ્થ્ય વિશે સાંભળીને મને ખૂબ જ ચિંતા થઈ છે. અમે તેમના ઝડપી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની કામના કરીએ છીએ. ડૉ. જીલ બાઈડેન (જો બાઈડેનના પત્ની) અને તેમના પરિવાર સાથે અમારી સંવેદના છે.

# બેંગલુરુમાં ભારે વરસાદને કારણે રસ્તા અને ઘરમાં પાણી ભરાયા

બેંગ્લુરૂ,તા.૧૯

બેંગલુરુમાં રાતોરાત પડેલા ભારે વરસાદને કારણે, વિવિધ વિસ્તારો ખરાબ રીતે પ્રભાવિત થયા છે, ઘણી જગ્યાએ રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે અને ઘણા રહેણાંક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. શહેરમાં વધુ વરસાદની શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના બુલેટિન અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં



બેંગલુરુમાં ૧૦૩ મીમી વરસાદ નોંધાયો છે. બેંગલુરુના વિવિધ ભાગોમાંથી પાણીમાં ડૂબી ગયેલા રસ્તાઓના વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવી રહ્યા છે, જે વરસાદ વચ્ચે શહેર કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે દર્શાવે છે.

# ઈઝરાયલી સેનાએ ગાઝાનું બીજું સૌથી મોટું શહેર ખાલી કરવાનો આદેશ આપ્યો

તેલઅવીવ,તા.૧૯

ઈઝરાયલી દળોએ ગાઝામાં એક નવું ભૂમિ ઓપરેશન શરૂ કર્યું છે. દરમિયાન, સેનાએ ગાઝાના બીજા સૌથી મોટા શહેર ખાન યુનિસ અને આસપાસના નગરોના રહેવાસીઓને વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. લશ્કરી પ્રવક્તા અવિચાય એડ્રેઈએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આદેશ પોસ્ટ કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું કે સમગ્ર વિસ્તારને 'ખતરનાક યુદ્ધ ક્ષેત્ર' ગણવામાં આવશે. આ વિસ્તાર ખાલી કરવાનો આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે ઈઝરાયલે ગાઝામાં યુદ્ધ વધુ તીવ્ર બનાવી દીધું છે. દરમિયાન, ગાઝામાં ઈઝરાયલ દ્વારા સતત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આ હુમલાઓ ઈઝરાયલની જાહેરાત વચ્ચે થયા છે કે તે લગભગ ત્રણ મહિનાની નાકાબંધી પછી ગાઝામાં મર્યાદિત માનવતાવાદી સહાયને મંજૂરી આપશે.

# યુધ્ધ દરમિયાન પાકિસ્તાન માટે ચીને ભારતની જાસુસી કરી હોવાનો ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષમાં ચીનની ભૂમિકા અંગે એક ચોંકાવનારો ખુલાસો થયો છે. આ દરમિયાન એક અહેવાલ સામે આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે યુદ્ધ દરમિયાન ચીને પાકિસ્તાન માટે ભારતની જાસૂસી કરી હતી. જેમાં સેટેલાઈટ ડેટા પણ શેર કરવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રાલય સાથે જોડાયેલા થિંક ટેન્ક 'સેન્ટર ફોર જોઈન્ટ વોરફેર સ્ટડીઝ'ના આ રિપોર્ટમાં બે મોટા ખુલાસા થયા છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ભારત અને પાકિસ્તાન



વચ્ચે હવે સ્થિતિ સામાન્ય છે ત્યારે ચીનની ભૂમિકા પર ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ચીને પાકિસ્તાનને ભારતની લશ્કરી તૈનાતી પર નજર રાખવા માટે તેના હવાઈ સંરક્ષણ અને રડાર સિસ્ટમને ફરીથી ગોઠવવામાં મદદ કરી હતી.

# પાક.ના બલુચિસ્તાનની માર્કેટમાં વિસ્ફોટ, ૪ના મોત, ૨૦ને ઈજા

ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાન પ્રાંતના એક માર્કેટમાં ભયાનક વિસ્ફોટ થયો હતો, જેમાં ચાર લોકોના મોત અને ૨૦ લોકોને ઈજા થઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ, અબ્દુલ્લા જિલ્લા સ્થિત જબ્બાર માર્કેટમાં રવિવારે વિસ્ફોટ થયો હતો, જેમાં અનેક બિલ્ડિંગોને પણ નુકસાન થયું છે. મળતા અહેવાલો મુજબ



વિસ્ફોટના કારણે અહીં અનેક દુકાનો ધરાશાયી છે અને અનેક દુકાનોમાં આગ લાગી છે. આ દરમિયાન અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ પણ કર્યું છે. અબ્દુલ્લા જિલ્લાના નાયબ કમિશ્નર રિયાજ ખાને કહ્યું કે, 'વિસ્ફોટમાં ચાર લોકોના મોત અને ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પાકિસ્તાનના ચાર અર્ધલશ્કરી દળોના એક ફ્રન્ટિયર કોર બિલ્ડિંગ પાછળ જબ્બાર માર્કેટ સ્થિત ધડાકો થયો હતો. અજાણ્યા હુમલાખોરોએ બિલ્ડિંગના કર્મચારીઓ પર આડેધડ ગોળીબાર પણ કર્યો હતો.' વિસ્ફોટ અને ફાયરિંગની ઘટના બાદ અધિકારીઓએ આખા વિસ્તારને ખાલી કરાવી સીલ કરી દીધો છે અને અજાણ્યા હુમલાખોરોને શોધી કાઢવા માટે ઓપરેશન શરુ કરી દીધું છે.

# બંગાળની ખાડી અને મ્યાનમારમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા

લ્હાસા,તા.૧૯

તિબેટ, બંગાળની ખાડી અને મ્યાનમારમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા છે. તિબેટમાં ૩.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. બંગાળની ખાડીમાં ૪.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. તે જ સમયે, મ્યાનમારમાં ૩.૯ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. જોકે, સમાચાર લખાય છે ત્યાં સુધી, આ ભૂકંપને કારણે કોઈ જાનહાનિના અહેવાલ નથી. નોંધનીય છે કે ભૂકંપ એ પૃથ્વીની સપાટી પર થતી હલનચલન અથવા સ્પંદનો છે, જે મુખ્યત્વે ટેક્ટોનિક પ્લેટોની હિલચાલને કારણે થાય છે. પૃથ્વીનું બાહ્ય સ્તર (લિથોસ્ફિયર) અનેક વિશાળ ટેક્ટોનિક પ્લેટોમાં વહેંચાયેલું છે. આ પ્લેટો પૃથ્વીના આંતરિક ભાગ (મેન્ટલ) પર તરતી રહે છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, અલગ થાય છે અથવા એકબીજાની નીચે સરકે છે, ત્યારે આ તણાવ પેદા કરે છે. જ્યારે આ તણાવ અચાનક મુક્ત થાય છે, ત્યારે ભૂકંપ આવે છે.



જ્યારે ટેક્ટોનિક પ્લેટોમાં તણાવ મુક્ત થાય છે, ત્યારે આ ઊર્જા ધરતીકંપના તરંગો તરીકે પ્રસારિત થાય છે. આ તરંગો પૃથ્વીની સપાટીને હલાવે છે, જેના કારણે ભૂકંપ આવે છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ખડકો તૂટવાના બિંદુથી બરાબર ઉપરનું સ્થાન છે. હિમાલય પ્રદેશ અને કેટલીક અન્ય ફોલ્ટ લાઈનો (દા.ત. કચ્છ, ઉત્તરપૂર્વ ભારત) ને કારણે ભારતમાં ભૂકંપ આવવાની સંભાવના રહે છે કારણ કે ભારતીય પ્લેટ યુરેશિયન પ્લેટ સાથે અથડાય છે. ટૂંકમાં, ધરતીકંપો કુદરતી અને ક્યારેક માનવ-પ્રેરિત પ્રક્રિયાઓનું પરિણામ છે, જે પૃથ્વીની આંતરિક ગતિશીલતા સાથે જોડાયેલી છે.

# અમદાવાદમાં આજથી ફરી ચંડોળા ડિમોલેશન ચાલુ કરાશે, ગેરકાયદે બાંધકામ તોડી પડાશે



અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં આજથી ફરીથી ચંડોળા ડિમોલેશન શરૂ થશે. અમદાવાદ પોલીસ કમિશ્નરે મનપા કમિશ્નર સાથે તમામ ચર્ચા વિચારણા કરી ફેઝ-૨માં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડશે.

અમદાવાદ શહેરમાં અગાઉ બાંગ્લાદેશીઓના ઠેકાણા તરીકે જાણીતા ચંડોળા તળાવમાં થોડા સમય પહેલા ઘૂસણખોરોના ઘર પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. જેમાં કુખ્યાત લલ્લુ બિહારીના આશિયાના પર સરકારનું બુલડોઝર ફરી વળ્યું હતું. ત્યારે આજથી ફેઝ-૨માં ચંડોળા તળાવનું ડિમોલેશન શરૂ થશે. ચંડોળા તળાવમાં ઘણા સમયથી બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રહેતા હતા. ફેઝ-૨માં આખા ચંડોળા તળાવની ફરતે ડિમોલેશન કરાશે. પોલીસ કમિશ્નરે એએમસી કમિશ્નર સાથે તમામ ચર્ચા કરી છે. જેમાં ૩૦૦૦ પોલીસ કર્મીઓ અને ૨૫ એસઆરપી ટીમ તૈનાત રહેશે. ફેઝ-૧માં ૧.૫૦ લાખ ચોરસ મીટર એરિયાનો સફાયો કરાયો હતો. ફેઝ-૨માં ૨.૫૦ લાખ ચોરસ મીટર દબાણ હટાવાશે.

# ગાંધીનગર ખાતે SEBC અને SCની કેટેગરીના ઉમેદવારોનું ધરણા પ્રદર્શન



ગાંધીનગર,તા.૧૯

ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ટેટ-૧ અને ટેટ-૨ના SEBC અને SC કેટેગરીના ઉમેદવારોએ ધરણા પ્રદર્શન કર્યું છે. વિદ્યાસહાયકની ૫૦૦૦ જગ્યાઓ માટે રોસ્ટર પ્રથા નાબૂદ કરવાની માગ કરવામાં આવી છે.

સરકારે ૧૭મીએ જાહેર કરેલા ફાઈનલ મેરિટ લિસ્ટમાં જિલ્લા પ્રમાણે કેટેગરી મુજબ જગ્યા ફાળવણીનું લિસ્ટ બહાર પાડ્યું છે. SEBC અને SC કેટેગરીમાં બંધારણીય જોગવાઈ કરતાં ઓછી જગ્યાઓ ફાળવવામાં આવી છે. ઉમેદવારોનું કહેવું છે કે, આ ભરતી વર્ષો પછી થઈ રહી છે. ઘણા ઉમેદવારોની ઉંમર વધી ગઈ છે. જનરલ કેટેગરીમાં ફાળવેલી જગ્યાઓ માટે પૂરતા ઉમેદવારો મળવા મુશ્કેલ છે. બીજી તરફ અનામત કેટેગરીમાં ઓછી જગ્યાઓ ફાળવવામાં આવી છે, જ્યારે ઉમેદવારોની સંખ્યા વધારે છે. પ્રદર્શનકારીઓની માગ છે કે, બંધારણીય જોગવાઈ મુજબ SEBC માટે ૨૭% અને SC માટે ૭% જગ્યાઓ ફાળવવામાં આવે. આ રીતે દરેક કેટેગરીના ઉમેદવારોને ન્યાય મળશે અને પ્રાથમિક શિક્ષણમાં શિક્ષકોની ઘટ પણ પૂરી થશે.

# દાહોદ મનરેગા કૌભાંડ: મંત્રી બચુ ખાબડના નાના દીકરાની ધરપકડ



દાહોદ,તા.૧૯

દાહોદ મનરેગા કૌભાંડની તપાસમાં પોલીસને વધુ એક સફળતા મળી છે. ગુજરાતના પંચાયત રાજમંત્રી બચુ ખાબડના નાના દીકરા કિરણની પોલીસે ધરપકડ કરી છે. શનિવારે બળવંત ખાબડની ધરપકડ બાદ આજે વહેલી સવારે કિરણ ખાબડની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કિરણ ખાબડને વડોદરા-હાલોલ હાઈવે પરથી પકડી પાડ્યો હતો. હાલ તેને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો છે, તેની પૂછપરછ ચાલુ છે.

# આવતીકાલથી ગુજરાતના વાતાવરણમાં પલટો, વાવાઝોડાની અંબાલાલે કરી આગાહી



અમદાવાદ, તા.૧૯

ગુજરાતમાં કમોસમી વરસાદ અને વાવાઝોડાનો પ્રકોપ હજુ શાંત થયો નથી, ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે મે મહિનાના અંતમાં રાજ્ય પર એક મોટા હવામાન સંકટની આગાહી કરી છે. તેમના મતે, અરબી સમુદ્રમાં ચક્રવાત સક્રિય થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતના ઘણા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદ અને વિનાશક પવનો ફૂંકાઈ શકે છે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આગામી ૨૧ મે, ૨૦૨૫ થી ગુજરાતના વાતાવરણમાં મોટો પલટો આવવાની શરૂઆત થશે. એક પછી એક સિસ્ટમ સક્રિય થશે અને અરબી સમુદ્રમાં ચક્રવાત (વાવાઝોડું) બનશે. ખાસ કરીને, મુંબઈ અને ગોવા વચ્ચે એક સિસ્ટમ બનશે, જે વાવાઝોડામાં પરિવર્તિત થશે. આ ચક્રવાતની સીધી અસર દરિયાકાંઠાના વિસ્તારો પર જોવા મળશે. અંબાલાલ પટેલના મતે, દરિયામાં ઊંચા મોજા ઉછળશે અને દરિયાઈ કાંઠાના વિસ્તારો વાવાઝોડાથી વધુ પ્રભાવિત થશે. દરિયાઈ કાંઠે પવનની ગતિ ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે.

# ૨૬ મેના રોજ પ્રધાનમંત્રી મોદીનું ભુજમાં આગમન, તંત્ર દ્વારા તૈયારી

ભુજ,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગામી ૨૬ મેના ભુજ પ્રવાસને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. ભુજ કલેકટર કચેરી ખાતે પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેકટર આનંદ પટેલે ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમની વિગતવાર માહિતી આપી હતી. તેમણે કાર્યક્રમ સ્થળ, મંડપ વ્યવસ્થા, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, શૌચાલય અને સુરક્ષા વ્યવસ્થાની રૂપરેખા રજૂ કરી હતી. પ્રધાનમંત્રીના હસ્તે થનારા લોકાર્પણ અને ખાતમુહૂર્તની સંભવિત યાદી પણ રજૂ કરવામાં આવી હતી. બેઠકમાં સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા અને ધારાસભ્યો કેશુભાઈ પટેલ, માલતીબેન મહેશ્વરી અને પ્રદ્યુમનસિંહ જાડેજાએ પણ હાજરી આપી હતી. સમગ્ર ટીમે કાર્યક્રમ સ્થળની મુલાકાત લઈને પૂર્વ તૈયારીની સમીક્ષા કરી હતી.

# અમદાવાદમાં ૧૨ વેપારીઓને ત્યાં જીએસટીએ દરોડા પાડતા ફફડાટ





અમદાવાદ,તા.૧૯

રાજ્યના જીએસટી વિભાગે અમદાવાદ શહેરમાં પાન મસાલા અને તમાકુના વેપારીઓના સ્થળોએ દરોડા પાડ્યા હતા. જે દરમિયાન ૯.૬૭ કરોડ રૂપિયાની કરચોરી પકડાઈ હતી. જીએસટી વિભાગે અમદાવાદનાં ઊંઝા, વિજાપુર, ઉનાવા ખાતે વેપારીઓને ત્યાં રેડ પાડી કરચોરી કરતા વેપારીઓ સામે લાલ આંખ કરી છે. સૂત્રો મુજબ રાજ્ય જીએસટી વિભાગે અમદાવાદમાં પાન મસાલા અને તમાકુના વેપારીઓ પર કરચોરી અટકાવવા માટે એક ખાસ તપાસ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશ દરમિયાન ૬૭ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. નિરીક્ષણ દરમિયાન રોકડ વ્યવહારો દ્વારા બિનહિસાબી વેચાણ, બિનહિસાબી સ્ટોક અને બિનરજિસ્ટર્ડ ડીલરો જેવી અનેક ગેરરીતિઓ મળી આવી હતી. જેમાં ૯.૬૭ કરોડની કરચોરી પકડાઈ હતી. તમાકુના વેપારીઓને ત્યાં ૭૧ સ્થળો પર તપાસ કરવામાં આવી હતી. જ્યારે એસજીએસટીએ અમદાવાદમાં ૧૨ વેપારીઓને ત્યાં ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા હતા. અગાઉ અમદાવાદ શહેરમાં પાન મસાલાનાં વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં નોંધાયેલા કરદાતાઓ અને નોંધાયેલા ન હોય તેવા ડીલરો પાસેથી અંદાજિત રૂપિયા ૫.૬૮ કરોડની કરચોરી મળી આવી હતી.

# વિસનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે રૂા. ૪૯૫ કરોડના વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત



વિસનગર,તા.૧૯

મહેસાણા જિલ્લાના વિસનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૪૯૫ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું હતું. તેમજ ૪૨૩ કરોડથી વધુના વિકાસ કામોના ખાતમુહૂર્ત અને ૭૨ કરોડના વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિસનગર શહેર માટે અત્યંત જરૂરી સિવિલ હોસ્પિટલ, વિસનગર તાલુકા પંચાયત અને વિસનગર નગરપાલિકાની નવનિર્મિત બિલ્ડીંગોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ બાયપાસ હાઈવેનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમજ વિસનગરમાં ઓવરબ્રિજ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિસનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલ વિસનગર, તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાના નવીન બિલ્ડિંગના લોકાર્પણની સાથે-સાથે રૂપિયા ૪૯૫ કરોડના વિકાસના કાર્યોના ખાતમુહૂર્ત, લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેમાં વિસનગરમાં ૪૨૩ કરોડથી વધુના ૭૬ વિકાસકાર્યોનું ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત તેમજ રૂપિયા ૭૨ કરોડથી વધુના ૧૮ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઈડી હેક: એકની ધરપકડ

**પોલીસ સ્ટેશનના આઇડી પરથી અલગ અલગ બેંકોને મેઈલ કરાયા**

જૂનાગઢ,તા.૧૯

જૂનાગઢમાં સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઈડી હેક કરાતા સાયબર પોલીસે એકની ધરપકડ કરી છે. આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ટેકનોલોજીમાં વિકાસ થતો જાય છે તેમ તેમ સાયબર ગુનાઓ વધતા જઈ રહ્યાં છે. ત્યારે તા.૧૯ ના રોજ જૂનાગઢમાં સાયબર પોલીસ સ્ટેશનનું ઈ-મેઈલ આઈડી હેક કરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટેશનના આઈડી પરથી અલગ અલગ બેંકોને મેઈલ કરાયા હતા. ફ્રીઝ કરાયેલા બેન્ક એકાઉન્ટ અનફ્રીઝ કરવા મેઈલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા ફ્રીઝ કરાયેલા ખાતાઓમાં લાખો રૂપિયા છે. સમગ્ર મામલે સાયબર પોલીસનો તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. સાયબર પોલીસ દ્વારા એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ સાયબર પોલીસ અધિકારીની ઓળખ આપી હતી. આરોપીની ધરપકડ કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો તમે સાયબર છેતરપિંડીનો શિકાર બનો છો, તો તમે તેનાથી રક્ષણ માટે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર કૉલ કરી શકો છો. આ પછી, તમારી સંપૂર્ણ વાત કહો અને તે આ સંબંધમાં મદદ કરે છે.

# સુરતમાં ભાજપ આગેવાને યુવતી પર દુષ્કર્મ આચર્યું



સુરત,તા.૧૯

સુરત શહેરમાં વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. ભાજપના વોર્ડનો મહામંત્રી આદિત્ય ઉપાધ્યાય ૨૩ વર્ષીય યુવતીને માદક પીણું પીવડાવી અર્ધબેભાન હાલતમાં કારમાં જહાંગીરપુરાની એક હોટલમાં લઈ ગયો હતો. અહીં પહેલેથી આદિત્યનો મિત્ર ગૌરવસિંહ રાજપૂત હાજર હતો. બાદમાં બન્નેએ યુવતી પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. ભાનમાં આવ્યા બાદ યુવતીએ તરત પોલીસનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બન્ને સામે ગુનો દાખલ કરી ધરપકડ કરી છે. ઘટનાની જાણ થતાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આરોપી આદિત્ય ઉપાધ્યાયને વોર્ડના મહામંત્રીપદેથી તાત્કાલિક સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

# જામનગર જિલ્લાના દરિયા કિનારાના ૧૦૦ ગામોમાં ઈમરજન્સી સાયરન લગાડવાનો નિર્ણય

જામનગર તા.૧૯

ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તાજેતરમાં ફરી તણાવ જોવા મળી રહ્યો છે, ખાસ કરીને "ઓપરેશન સિંદૂર"ની સફળતા બાદ સ્થિતિ વધુ સંવેદનશીલ બની છે. આ ઉપરાંત, થોડા દિવસો પહેલા જ બ્લેકઆઉટ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ તમામ પરિબળો અને જામનગર જિલ્લાની ભૌગોલિક સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોની સુરક્ષા માટે એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ભારત-પાકિસ્તાન સરહદની નજીક આવેલો અને વાયુસેના, નૌસેના તેમજ આર્મીના મહત્વના મથકો ધરાવતો જામનગર જિલ્લો હંમેશા સુરક્ષાની દ્રષ્ટિએ સંવેદનશીલ માનવામાં આવે છે. ખાસ કરીને દરિયાઈ માર્ગે પાકિસ્તાનથી તેની નિકટતા સુરક્ષા પડકારો ઊભા કરી શકે છે. તાજેતરમાં "ઓપરેશન સિંદૂર"ની સફળતા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો છે, અને થોડા સમય પહેલા બ્લેકઆઉટ કરવાની ફરજ પડવા જેવી ઘટનાઓ પણ બની છે. આ પરિસ્થિતિઓને ગંભીરતાથી લઈને, જામનગર જિલ્લા વહીવટીતંત્ર ભવિષ્યમાં યુદ્ધ જેવી સ્થિતિ અથવા પાકિસ્તાન દ્વારા કોઈ હુમલો કરવામાં આવે તેવી પરિસ્થિતિમાં નાગરિકોને તાત્કાલિક અને અસરકારક રીતે સાવચેત કરી શકે તે માટે સજ્જ થઈ રહ્યું છે. આ હેતુથી, જિલ્લાના કુલ ૧૦૦ ગામોમાં ઈમરજન્સી સાયરન લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.







# રાજકોટમાં ૩૮ આરોપીઓના ઘર પર ફેરવાયું બુલડોઝર, કરોડોની જમીન ખુલ્લી કરાઈ



રાજકોટ,તા.૧૯

રાજકોટમાં પોલીસ અને વહીવટી તંત્રએ અસામાજીક તત્વોને ડામવા કડક પગલાં લીધા છે. અમદાવાદ બાદ હવે રાજકોટમાં પણ ૩૮ બૂટલેગરોના ઘર બર દાદાનું બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. સોમવારે વહેલી સવારે સરકારે ૫૫ જેટલા ગેરકાયદેસર દબાણો દૂર કરી ૬.૫૨ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરી છે. સોમવારે વહેલી સવારથી રાજકોટ શહેરમાં અસામાજીક તત્વોના બાંધકામ પર તંત્રએ સપાટો બોલાવ્યો હતો. રાજકોટ પોલીસ કમિશ્નરની સૂચનાથી યુનિવર્સિટી પોલીસે લૂંટ, મારામારી, પ્રોહિબિશન વગેરે જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોય તેવા આરોપીઓના ઘર પર ભૂપેન્દ્ર પટેલ સરકારનું બુલડોઝર ચાલ્યું હતું. ચોપડે નોંધાયેલા આરોપીઓએ કરોડો રૂપિયાની જમીન પર કબ્જો કર્યો હતો. ૩૮ બૂટલેગરોનાં ઘર પર બુલડોઝર ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ સરકારની ૨૧૬૦ ચો.મી. જગ્યા પર ૫૫ જેટલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.


